RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk


*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 144* Date: 23.03.2020 * Monday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### કોરોના વિરૂદ્ધની લડતમાં ભારતવાસીઓ મક્કમ સ્વૈચ્છિક, સ્વયંભૂ 'જનતા કર્ફ્યૂ'નો અમલ કર્યો

# કોરોના ભારત છોડ, મોદીના 'જનતા કર્ફ્યૂ'ને પ્રચંડ જનસમર્થન







*ન્યુ દિલ્હી, તા.૨૨*

દુનિયાભરમાં હજારો લોકોના મૃત્યુ નિપજાવી, લાખો લોકોને બીમાર પાડી દઈ હાહાકાર મચાવી દેનાર ખતરનાક એવા કોરોના વાઈરસ સામેની લડાઈમાં આજે ભારતવાસીઓ પણ વધારે મક્કમ બની ગયા છે અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અપીલને માન આપીને આજે સવારે ૭ વાગ્યાથી સ્વૈચ્છિક, સ્વયંભૂ 'જનતા કર્ફ્યૂ'નો અમલ કર્યો હતો.

દિલ્હી, મુંબઈ, કોલકત્તા, નોઈડા, લખનૌઉ, બેંગ્લુરુ સહિતના અન્ય મોટા શહેરોમાં મોલ અને પ્રવાસન સ્થળોએ પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો હતો. ઘણાં રાજ્યોમાં બસ સેવા પણ બંધ કરી દેવામાં આવી હતી. ત્યારે અનેક વિસ્તારમાં ફ્લાઈટો રદ્દ કરી હતી. જનતા કર્ફ્યુ હેઠળ દિલ્હીમાં ઓટો ટેક્સી યૂનિયનને જાહેરાત કરી દિલ્હીમા રવિવારે ઓટો-ટેક્સી સેવા બંધ રાખવામાં આવી હતી. જ્યારે હરિયાણા, ગુજરાત અને રાજસ્થાનમાં કલમ ૧૪૪ લાગુ કરવામાં આવી હતી.

દેશના તમામ રાજ્યોમાં લગભગ લોકડાઉન છે અને જરૂરી સર્વિસ સિવાય બધું બંધ છે. દેશના ઈતિહાસમાં લગભગ પહેલી વખત એવું થયું છે કે જનતાએ પોતે જ કર્ફ્યૂ માટે તૈયારી શરૂ કરી અને તેનો અમલ પણ કરી રહી છે.

વડાપ્રધાન મોદીની અપીલ પર દેશની જનતા પોત-પોતાના ઘરે છે. રસ્તા સમગ્ર રીતે ખાલી હતા. જનતા કર્ફ્યુ દરમિયાન મુંબઈમાં આજે મોનોરેલ સેવા બંધ હતી. આ સિવાય હરિયાણા અને પંજાબમાં ખાનગી અને સરકારી બસ સેવાઓ બંધ હતી.દેશભરમાં આજે સરકારો દ્વારા ઘોષિત આવશ્યક સેવાઓને બાદ કરતાં તમામ દુકાનો, વેપાર-ધંધા, ખાની કંપનીઓની ઓફિસો, જાહેર સ્થળો બંધ રાખવામાં આવ્યા હતા. ઓટોરિક્ષા, ટેક્સી, બસ સેવા પણ બંધ રાખવામાં આવી હતી તેથી રસ્તાઓ સૂમસામ છે. દૂધ અને વીજળી પૂરવઠા વિતરણ, રેલવે, સફાઈ, દવા-ઔષધો, હોસ્પિટલ્સ, અગ્નિશામક દળ વગેરે જેવી સેવાઓને આવશ્યક સેવાઓ તરીકે ગણવામાં આવી છે અને એને જનતા કર્ફ્યૂમાંથી બાકાત રખાઈ હતી. મુંબઈમાં લોકલ ટ્રેનમાં સફર કરવાની સામાન્ય જનતાને મનાઈ ફરમાવી દેવામાં આવી છે, માત્ર પોલીસ જવાનો, પોલીસ તંત્ર, સફાઈતંત્ર સાથે સંકળાયેલા કર્મચારીઓ, તબીબી ઈમર્જન્સીવાળા લોકોને જ લોકલ ટ્રેનોમાં પ્રવાસ કરવા દેવામાં આવશે. તમામ બોર્ડિંગ સ્ટેશનો પર પ્રત્યેક પ્રવાસીનું ઓળખપત્ર ચકાસવામાં આવી રહ્યું છે. વિમાન સેવાઓ પણ સ્થગિત કરી દેવામાં આવી છે.

મુંબઈનુ મરીન ડ્રાઈવ પૂરી રીતે સુમસાન હતો. કોરોના વાયરસને રોકવા માટે મોદીનું જનતા કર્ફ્યુની અપીલની અસર અહીં પણ જોવા મળી રહી હતી. મરીન ડ્રાઈવ દક્ષિણ મુંબઈનું ઐતિહાસિક રોડ છે જ્યાં હંમેશા લોકોની અવર-જવર રહે છે. મુંબઈનો શિવાજી પાર્ક, સામાન્યરીતે રવિવારે દિન પાર્ક ભરેલો રહે છે અને બાળકો અહીં રમી રહ્યા હોય છે. જનતા કર્ફ્યુને મુંબઈકરોનું પૂરુ સમર્થન મળ્યુ હતું.

જમ્મુ કાશ્મીરમાં જનતા કર્ફ્યુ સિવાય વહીવટીતંત્રએ દુકાનો અને પબ્લિક ટ્રાન્સપોર્ટને બંધ રાખવાનો આદેશ આપ્યો હતો. જનતા કર્ફ્યુ દરમિયાન પશ્ચિમ બંગાળની ભીડભાડવાળા હાવડા સ્ટેશન ખાલી જોવા મળી રહ્યુ હતું. જનતા કર્ફ્યુ દરમિયાન વ્રજના તમામ મંદિર બંધ, ગોવર્ધન, વૃંદાવનની પરિક્રમા બંધ, મથુરાના બજારોમાં સન્નાટો પ્રસર્યો હતો.

# ગો...કોરોના..ગો... 'જનતા કરફ્યુ' ગુજરાત સજ્જડ બંધ

*અમદાવાદ, તા.૨૨*

વડોદરા, રાજકોટ, સુરત સહિત સમગ્ર ગુજરાત અને દેશમાં વહેલી સવારથી જનતા કર્ફ્યૂ (ત્ફહંફ્રએકિુ) નું પાલન શરૂ થઈ ચૂક્યું છે. લોકો સ્વયંભૂ પોતાના ઘરે રહ્યા છે અને કોરોના વાયરસ (ર્ષ્હિક્ર દ્રૈજિ) સામે લડવાના સંકલ્પને વધારે મજબૂત બનાવ્યો છે. કોરોના વાયરસને ફેલાતો રોકવા, અનેક લોકોમાં જાગૃતતા આવે તે માટે પીએમ મોદીએ આજના દિવસ માટે સવારથી સાંજ સુધી જનતા કર્ફ્યુ પાળવાની અપીલ કરી છે. વિપક્ષે પણ પ્રધાનમંત્રીની પહેલને સમર્થન આપ્યું છે. આંકડા પર નજર કરીએ તો, ગુજરાતમાં કોરોના વાયરસના ૧૪ પોઝિટિવ કેસ સામે આવ્યા છે. અમદાવાદમાં ૫, સુરતમાં ૩, વડોદરામાં ૩, રાજકોટ, ગાંધીનગર અને કચ્છમાં ૧-૧ કેસ પોઝિટિવ છે. તો દેશમાં દેશમાં ૩૩૩ કેસ સામે આવ્યા છે.

આ 'જનતા ફરફ્યૂ'ને લઈને અત્યાર સુધી ગુજરાતમાં સારો પ્રતિસાદ જોવા મળી રહ્યો છે. વિવિધ શહેરોમાં મોટાભાગે લોકો બહાર જવાનું ટાળી ઘરમાં રહી 'જનતા ફરફ્યૂ'નું પાલન કરી રહ્યા છે. ત્યારે અમદાવાદની વાત કરીએ તો શહેરના લગભગ તમામ વિસ્તાર બંધ છે. અમદાવાદના રાણીપ, બોપલ, ઘુમા, શેલા વિસ્તારમાં 'જનતા ફરફ્યૂ'નો પ્રચંડ પ્રતિસાદ જોવા મળી રહ્યો છે. આ સિવાય પ્રહલાદનગર, વસ્ત્રાપુર, સેટેલાઈટ, બોપલ વિસ્તાર પણ સંપૂર્ણરીતે બંધ છે. જ્યારે બાપુનગર, નિકોલ, નરોડા, ઓઢવ, વસ્ત્રાલ પણ સજ્જડ બંધ છે. શહેરમાં મ્ઇ્જી, છસ્જી અને જી્ સેવા પણ બંધ છે. શહેરમાં મોટાભાગે દુકાનો અને લોકોની હિલાચાલ બંધ રહેતા રસ્તાઓ સુમસાન જોવા મળી રહ્યા છે.

સુરતની વાત કરીએ તો 'જનતા ફરફ્યૂ'ને સુરતની જનતાનું સમર્થન મળી રહ્યું છે. માહિતી મુજબ સુરતમાં પાંડેસરા, પુણા, કતારગામ વિસ્તાર સંપૂર્ણ રીતે બંધ છે. ત્યારે શહેરના જી્ બસ સ્ટેશન પણ ખાલીખમ જોવા મળ્યા રહ્યા છે. સુરત લોક ડાઉન કરાતા હજારો મુસાફરોથી ધમધમતું બસ સ્ટેન્ડ પર આજે એક પણ મુસાફર જોવા મળતું નથી. બીજી તરફ ખેડામાં પણ યાત્રાધામ ડાકોરમાં આજે 'જનતા ફરફ્યૂ'ને લઈ સજ્જડ બંધ છે. અખબાર અને દૂધ વિતરણ અને પેટ્રોલપંપ તમામ બજારોમાં બંધની અસર જોવા મળી રહી છે. આ સિવાય ખેડા, ડાકોર બસસ્ટેન્ડમાં પણ શટડાઉનની અસર જોવા મળી રહી છે.

વડોદરાના લોકોએ પણ પીએમ મોદી દ્વારા જાહેર કરેલ 'જનતા ફરફ્યૂ'ને સમર્થન આપ્યું છે. માહિતી મુજબ અકોટા, અલકાપુરી, ફતેગંજ, મકરપુરા વિસ્તાર બંધ રહ્યા છે. જ્યારે રાવપુરાના લોકોએ પણ જનતા ફરફ્યૂને સમર્થન આપ્યું છે.

વહેલી સવારથી લોકોએ સ્વૈચ્છિક ઘર બહાર જવાનું ટાળ્યું છે. બીજી તરફ રાજકોટની વાત કરીએ તો રેસકોર્ષ, લીમડા ચોક, રૈયા રોડ, જામનગર રોડ સુમસામ જોવા મળ્યા છે. જંગલેશ્વર વિસ્તારના લોકો સ્વંય જનતા ફરફ્યૂમાં જોડાયા છે. માહિતી મુજબ રાજકોટમાં એસ.ટી.ની ૧૫૦૦ કરતા વધુ બસ ડેપોમાં હોલ્ડ પર છે.'જનતા ફરફ્યૂ'ને સમર્થન કરતા ગીર સોમનાથ અને સંઘ પ્રદેશ દીવ સજ્જડ બંધ છે. લોકોએ પોતાના અને દેશ માટે આજે સ્વયમં-ભુ બંધ પાળ્યું છે. આ સાથે રાજ્યના તમામ જિલ્લાના લોકોનું 'જનતા ફરફ્યૂ'ને સમર્થન મળ્યું છે. રાજ્યના તમામ જિલ્લાના લોકોનું 'જનતા ફરફ્યૂ'ને સમર્થન છે. જ્યારે આણંદ, ખેડા, નડિયાદ, દાહોદ, સાબરકાંઠા, અરવલ્લીના તમામ વિસ્તારમાં જનતા ફરફ્યૂને પ્રચંડ પ્રતિસાદ જોવા મળ્યો છે.

માહિતી મુજબ તલોદમાં પણ 'જનતા ફરફ્યૂ'ના સમર્થનમાં જડબેસલાક બંધ છે. વેપારી સ્વયં ધંધારોજ બંધ રાખી જનતા ફરફ્યૂમાં જોડાયા છે. નાના-મોટા તમામ ધંધા રોજગાર જનતા ફરફ્યૂના સમર્થનમાં બંધ છે.

ભાવનગર માં પણ જનતા કરફ્યૂને સમર્થન મળ્યું છે. શહેરની મુખ્ય બજારમાં વેપારીઓએ સંપૂર્ણ બંધ પાળ્યુ છે. શહેરભરમાં સિટી બસ સેવા, ગુર્જરી બજાર બંધ રહ્યા છે. આ ઉપરાંત રેલવે ડિવિઝને પણ તમામ લોકલ ટ્રેનો રદ્દ કરી જનતા કરફ્યૂને સમર્થન આપ્યું છે અને ભાવનગર સીટી બસે પણ જનતા કરફ્યૂને સમર્થન આપ્યું છે.

આ સિવાય બનાસકાંઠાના અમીરગઢમાં જનતા કરફ્યૂનો કડક અમલ જોવા મળ્યો છે. પ્રધાનમંત્રીના જનતા કરફ્યૂના આદેશને લઈ અમીરગઢ સહિત ઈકબાલગઢ સજ્જડ બંધ રહ્યા છે. ઉપરાંત હળવદમાં પણ જનતા કરફ્યૂને સમર્થન મળ્યું છે. લોકો પોતાના ધંધા-રોજગાર બંધ કરી ઘરોમાં રહ્યા છે.

પીએમ મોદીના જનતા કરફ્યૂના આહવાનને લઈ આજે ગોધરામાં અભૂતપૂર્વ સમર્થન જોવા મળ્યું છે. ગોધરાના રાજમાર્ગ સવારથી જ સુમસામ છે. ત્યારે બીજી તરફ મહેસાણા જિલ્લામાં પણ લોકોએ જનતા કરફ્યૂને સમર્થન આપ્યું છે. મહેસાણાના ભીડભાડ વાળા રસ્તા અને બજાર સૂમસામ બન્યા છે. આ સિવાય જનતા કરફ્યૂને લઈ આજ રોજ વલસાડ જિલ્લો સંપૂર્ણ પણે સજ્જડ બંધ રહ્યો છે. વહેલી સવારથી જ્યાં ભીડભાડ જોવા મળતી તે રસ્તાઓ સૂમસામ જોવા મળ્યા છે.

કોરોનાને કાબુમાં કરવાં માટે નવસારી શહેરમાં પણ જનતા કરફ્યૂનું સજ્જડ પાલન થયુ છે. વહેલી સવારથી જ શહેરના રાજમાર્ગો પર કરફ્યૂની અસર જોવા મળી. કામકાજ અર્થે સુરત જતા અપડાઉન વર્ગએ પણ પ્રવાસ કરવાનું ટાળ્યું છે. આ સિવાય નવસારી રેલવે સ્ટેશન પણ બંધ રહ્યા. બગસરામાં પણ જનતા કરફ્યૂને સંપૂર્ણ સમર્થન મળ્યું છે.

# જે કોરેન્ટાઈનમાંથી ભાગશે તેના પર કાયદેસરની કાર્યવાહી કરાશે સીએમ રૂપાણી



*ગાંધીનગર, તા.૨૨*

હાલ ગુજરાતમાં કોરોનાના પોઝિટિવ કેસનો આંકડો ૧૮ પર પહોંચી ગયો છે. એક જ દિવસમાં પાંચ કેસ વધી ગયા છે. જેથી ગુજરાતમાં પણ ઝડપથી કોરોના પ્રસરી રહ્યો છે તેવુ લાગી રહ્યું છે. આવામાં મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સૂચના આપી હતી કે, કરફ્યૂ નહિ પણ, કેર ફોર યુ. લોકો પોતે સંયમ જાળવે. જેથી ગંભીર પરિસ્થિતિમાંથી બહાર નીકળી શકીશું.

તેમણે કહ્યું કે, ગુજરાતીઓ વિદેશમાં વસે છે, વિદેશમાં જે રીતે તેનો વ્યાપ વધ્યો છે. આજ રાતથી ઈન્ટરનેશનલ ફ્લાઈટ બંધ થઈ રહી છે. આવામાં મોટી સંખ્યામાં વિદેશથી આવી રહ્યાં છે. ત્યારે વિદેશથી આવતા લોકો સેલ્ફ કોરેન્ટાઈન થઈ જાય. અથવા તો કોરેન્ટાઈન સેન્ટરમાં પોતાની જાતને દસ દિવસ સુધી અલગ રાખે. નહિ તો તેનાથી જ આપણી સ્થિતિ વધુ બગડે નહિ તેની ચિંતા કરવી જોઈએ. મોરબીમાં એક વ્યક્તિ ક્વોરેન્ટાઈન હોમ છોડીને ભાગી ગયો હતો. તેથી અમે નિર્ણય કર્યો છે કે, જે કોઈ ભાગશે તેને પોલીસ પકડશે. ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરે. દરેક સહકાર આપે. ક્વોરેન્ટાઈન પ્રોટોકલ અવશ્ય જાળવો.

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રાજ્યમાં કોરોના વાયરસની વર્તમાન સ્થિતીમાં કોરોનાનો વ્યાપ વધે નહી તે હેતુથી રાજ્યના સુરત અમદાવાદ વડોદરા રાજકોટ ચાર મહાનગરો ઉપરાંત હવે ગાંધીનગરમાં પણ ૨૫ માર્ચ સુધી જીવન આવશ્યક ચીજ વસ્તુઓ સિવાય તમામ દુકાનો મોલ્સ બંધ રહેશે તેવી જાહેરાત કરી છે. કોરોના વાયરસનું સંક્રમણ નાગરિકોના વધુ સંપર્કથી ફેલાય નહિ તેવા જન સ્વાસ્થ્ય સુરક્ષા અભિગમથી મુખ્યમંત્રીએ આ પાંચ મહાનગરોમાં આ દિવસો દરમ્યાન એટલે કે ૨૫ માર્ચ સુધી એસટી બસ સેવાઓ તેમજ શહેરી જાહેર પરિવહન સેવાઓ પણ બંધ રાખવાનો નિર્ણય કર્યો છે.

# કોરોનાને રાજ્યમાં પહેલો શિકાર, સુરતના ૬૭ વર્ષિય વૃદ્ધનું મોત

### ગુજરાતમાં વધારે પાંચ કેસ પોઝિટિવ નોંધાતા હવે કુલ ૧૮ કેસ પોઝિટિવ નોંધાયા છે

*સુરત,તા.૨૨*

ગુજરાતમાં કોરોના વાયરસની કહેર દિવસે ને દિવસે વધી રહ્યો છે. ગુજરાતમાં વધારે પાંચ કેસ પોઝિટિવ નોંધાતા હવે કુલ ૧૮ કેસ પોઝિટિવ નોંધાયા છે. તેમાંથી ગુજરાતમાં કોરોના વાયરસને કારણે પહેલું મોત થયું છે. સુરતમાં દાખલ એક વ્યક્તિનું કોરોના વાયરસને કારણે મોત થતાં ખળભળાટ મચી જવા પામ્યો છે. છેલ્લા કેટલાક દિવસથી તે હોસ્પિટલમાં દાખલ હતા. કોરોના વાયરસને કારણે હવે ભારતમાં કુલ ૭ લોકોનાં મોત થયા છે.

સુરતના ૬૭ વર્ષીય વૃદ્ધને ચાર દિવસ પહેલાં કોરોના પોઝિટિવ હોવાનું સામે આવ્યું હતું. જેને કારણે તેઓ છેલ્લા ચાર દિવસથી હોસ્પિટલમાં દાખલ હતા. ગઈકાલે તેઓની સ્થિતિ ગંભીર હતી. અને આજે તેઓએ હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા હતા. ૬૭ વર્ષીય વૃદ્ધ અસ્થમાની બીમારીથી પણ પીડાતા હતા. આ વૃદ્ધ અઠવાલાઈન્સ વિસ્તારના હતા. અને તેઓ હીરાના વેપારી હતી. કોરોના પોઝિટિવ આવ્યા પહેલાં પણ કિડની પણ ફેઈલ થઈ હતી.

તો બીજી બાજુ વડોદરામાં પણ એક ૬૫ વર્ષીય મહિલાનું મોત નિપજ્યું છે. તેઓને પણ કોરોના વાયરસના શંકાસ્પદ લક્ષણો જોવા મળ્યા હતા. તેઓ વડોદરાની હોસ્પિટલમાં દાખલ હતા. અને તેઓનાં રિપોર્ટની રાહ જોવામાં આવી રહી છે. આ મહિલા પણ ડાયાબિટીસ અને બીપીની બીમારીથી પીડિત હતા.

ગુજરાતમાં કોરોનાના ૧૮ પોઝિટિવ કેસ નોંધાયા હતા. જેમાંથી સુરતમાં એક વૃદ્ધનું મોત નિપજ્યું છે. કોરોના વાયરસને કારણે હવે ભારતમાં કુલ સાત લોકોનાં મોત નિપજ્યા છે. ગુજરાતમાં કોરોનાને કારણે પહેલું મોત થતાં આરોગ્ય વિભાગમાં દોડધામ મચી ગઈ છે.

### વધુ ૨ મોતઃ મુંબઈમાં ૬૩ અને પટનામાં ૩૮ વર્ષના દર્દીએ જીવ ગુમાવ્યો

# દેશમાં કોરોનાના ૩૪૯ કેસ, મોતનો આંકડો ૬ પર પહોંચ્યો

*ન્યુ દિલ્હી, તા.૨૨*

રવિવારે કોરોના વાયરસના સંક્રમણથી પિડિત વધુ એક વ્યક્તિનું મોત થયું છે. શનિવારે રાત્રે મુંબઈના કસ્તુરબા હોસ્પિટલમાં ૬૪ વર્ષના એક વૃદ્ધનું કોરોના સંક્રમણને લીધે મૃત્યુ નીપજ્યું હતું. તેમને કોરોના સંક્રમણ લાગુ થયું હોવાની પુષ્ટિ થયા બાદ સારવાર ચાલી રહી હતી. આ ઉપરાંત તેઓ ડાયાબિટિસ, હાઈ બ્લડપ્રેશર અને હૃદયરોગથી પણ પીડિત હતા. આ સાથે દેશમાં કોરોના સંક્રમણને લીધે મૃત્યુઆંક ૫ થયો છે જયારે મહારાષ્ટ્રમાં આ બીજું મોત છે. અત્યાર સુધીમાં કર્ણાટકના કલબુર્ગી, દિલ્હી અને પંજાબના નવાશહરમાં પણ કોરોના સંક્રમણને લીધે મૃત્યુ થઈ ચૂક્યા છે. મહારાષ્ટ્રમાં બુલઢાણામાં પણ એક બિમાર વૃદ્ધે આખરી દમ લીધો હતો. જોકે તેમનો કોરોના ટેસ્ટ નેગેટિવ આવ્યો હોવાથી મૃત્યુ અન્ય કારણથી થયું હોવાનું જણાયું હતું. દરમિયાન, છેલ્લાં ચોવીશ કલાકમાં મહારાષ્ટ્રમાં કોરોના સંક્રમણના વધુ ૧૦ નવા કેસ નોંધાયા છે. જે પૈકી ૬ મુંબઈમાં અને ૪ પુણેમાં છે.

મહારાષ્ટ્રમાં કોરોનાનો કહેર વધતો જ જાય છે. અત્યાર સુધીમાં અહીં ૬૪ દર્દીઓમાં કોરોના સંક્રમણની ખાતરી થઈ ચૂકી છે. જેમનો રાજ્યની અલગ અલગ હોસ્પિટલ્સમાં ઈલાજ ચાલી રહ્યો છે. રાજ્યની તમામ શાળા, કોલેજ, જીમ, સ્વિમિંગ પુલ બંધ કરી દેવામાં આવ્યા છે. ખાનગી ટ્યુશન ક્લાસિસ પણ બંધ છે તેમજ પરીક્ષાઓ રદ્દ કરી દેવામાં આવી છે. તમામ પ્રકારના ધાર્મિક કે સામાજિક કાર્યક્રમો પર પ્રતિબંધ મૂકાયો છે. રાજ્યના કેટલાંય મંદિરો શ્રદ્ધાળુઓ માટે બંધ કરી દેવાયા છે. હાઈકોર્ટ અને અન્ય જિલ્લા અદાલતોમાં ફક્ત ૨ કલાક જ કામ ચાલુ છે. પુણેમાં સૌથી વધુ અસર જોવા મળી છે. અહીંના શનિવારવાડાને પણ અનિશ્ચિત સમય માટે બંધ કરી દેવાયો છે. મહારાષ્ટ્રમાં આઈસોલેશન પર રખાયેલા દર્દીઓની ઓળખ સ્પષ્ટ બને એ માટે તેમના ડાબા હાથ પર ભૂંસી ન શકાય એવી શાહીથી ક્વોરેન્ટાઈન અને આઈસોલેશનની તારીખ સાથેની મ્હોર લગાવવામાં આવે છે.

## તંત્રી સ્થાનેથી...

# સાવધાની એ જ સૌથી સચોટ બચાવ

કોરોના વાયરસ ફેલાઈ રહ્યો છે અને આ વાયરસ ઝડપથી લોકોને પોતાના શિકાર બનાવી રહ્યું છે. પરંતુ શું તમે જાણો છો કે, તમારી લાપરવાહી જ કોરોના વાયરસ સંક્રમણને ફેલાવવામાં મદદગાર સાબિત થઈ શકે છે. દરેક માધ્યમથી સંદેશ પહોંચાડ્યા છતાં તમે અજાણતા કેટલીક ભૂલો કરી બેસો છે. આજે અમને તમને આ ભૂલો વિશે જણાવીશું. જેને કારણે તમે સંક્રમિત થવાથી બચી શકો છો.તમે હજી પણ કોઈને ને કોઈને રોજ મળી રહ્યા છો. તો જાણતા અજાણતા લોકોને હાથ મિલાવી રહ્યાં છો. પછી તમને લાગે છે કે હાથ મિલાવવામાં શું જાય છે. પરંતુ કોરોના વાયરસ ફેલાવાનું સૌથી મોટું કારણ હાથ મિલાવવું છે. યાદ રાખો કે, અમેરિકા અને ઈટલી જેવા દેશોમાં કોરોના વાયરસ ફેલાવાનું સૌથી મોટું કારણ તેમનું હાથ મિલાવવું અને ગળે મળવાનું છે. આ કારણે જ યુરોપીય દેશોમાં સરકારોએ અભિવાદન માટે આ બંને ચીજોથી દૂર રહેવાનું કહ્યું છે. તમારે હાલ કોઈ પણ સમયે કોઈને પણ મળતા સમયે હાથ જોડીને નમસ્કાર કરવાની સલાહ આપવામાં આવે છે. આ આપણી સંસ્કૃતિ પણ છે અને તેમાં તમને અજીબ લાગવું ન જોઈએ. અત્યાર સુધી ભારતમાં કોરોના વાયરસથી લગભગ ૧૬૩ કેસ સામે આવ્યા છે. અત્યાર સુધી આપણને સ્કૂલ અને પરિવારમાં એવુ શીખવાડવામાં આવ્યું છે કે, જ્યારે છીંક આવે તો હાથને મોઢા સામે રાખી દો, જેથી બીજાને તેની અસર ન થાય. પરંતુ હવે ડોક્ટરો પણ સલાહ આપી રહ્યાં છે કે છીંકતા સમયે કોઈ રૂમાલ કે કપડાનો ઉપયોગ ન કરો. ભૂલથી પણ તમારી છીંકને હાથથી ન રોકો. હકીકતમાં, કોરોના વાયરસતી બચવા માટે હાથને ચહેરાથી દૂર રાખવાની સલાહ આપવામાં આવી રહી છે. આવામાં છીંકતા સમયે તમે આખા ચહેરા પર જાણતા-અજાણતા હાથ ફેલાવી દે છે. બસ, આટલા સમયમાં જ વાયરસ તેનું કામ કરી લે છે. તમે લિફટના બટનને તમારી આંગળીઓથી દબાવો છો. જ્યારે કે સૌને માલૂમ છે કે, પ્લાસ્ટિક અને સ્ટીલમાં કોરોના વાયરસમાં ૭૨ કલાક જીવતો રહી શકે છે. કોરોના વાયરસ ફેલાવવામાં લિફટના બટનનો સૌથી મોટો રોલ છે.ઈન્ડિયન મેડિકલ એસોસિયેશનના પૂર્વ અધ્યક્ષ ડો. કેકે અગ્રવાલનું કહેવું છે કે, સામાન્ય લોકો દર વખતે એવી ભૂલ કરી બેસે છે, જેનાથી વાયરસ ફેલાવવાનો સૌથી વધુ ખતરો છે. ધ્યાન રાખો કે, વાયરસ નજર નથી આવતા. તેથી સાવધાની રાખવી જ સૌથી સચોટ બચાવ છે. કોરોના વાયરસનું સૌથી મોટું લક્ષણ તાવ છે. અત્યાર સુધી કોરોના વાયરસથી સંક્રમિત લોકોમાંથી ૯૦ ટકા લોકોને તાવ હતો. વૈજ્ઞાનિકો કહે છે કે, હાલના સમયે કોઈ પણ પ્રકારના તાવને બેધ્યાન કરવું બેવકૂફીભર્યું સાબિત થઈ શકે છે. તે આગળ જઈને કોરોના વાયરસનું રૂપ લઈ શકે છે. અત્યાર સુધી તમને ફ્લૂના નામ પર ખાંસી થવી સામાન્ય હતી. પરંતુ કોરોના વાયરસ આક્રમણના આ સમયમાં તમારે ખાંસીને બેધ્યાન ન કરવું જોઈએ. કોરોના વાયરસથી સંક્રમિત લોકોને શરૂઆતમાં સૂકી ખાંસી થાય છે. બાદમાં તે ધીરે ધીરે વધીને ફેફસામાં ફેલાઈ જાય છે. તેના બાજ વાયરસ પોતાનો અસલી હુમલો શરૂ કરી દે છે. અફસોસ એ છે કે, અનેક કિસ્સામાં દર્દીઓને ખાંસીની સાથે શ્વાસ લેવામાં પણ તકલીફનો સામનો કરવો પડી શકે છે. બાદમાં આ દર્દીઓમાંથી અનેકના મોત થયા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૨૩/૦૩/૨૦૨૦, સોમવાર, ફાગણ વદ-૧૪
સૂર્યોદય-૬-૫૦, સૂર્યાસ્ત-૬-૫૭, જૈન નવકારશી-૭-૩૮, આજની રાશિ : કુંભ (ગ.સ) ૧૮-૩૮ થી મીન (દ.ચ,ઝ,થ), નક્ષત્રઃ પુનર્વસ

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ | - શુભ ચોઘડીયા -<br>૬-૪૯થી અમૃત-૮-૨૦ સુધી, ૯-૫૨ થી શુભ-૧૧-૨૩ સુધી, ૧૪-૨૫ થી ચલ-લાભ-અમૃત-ચલ-૨૦-૨૭ સુધી |
| શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ હોરા-<br>-૪૯થી ૭-૫૦ સુધી, ૮-૫૧થી ૯-૫૨ સુધી, ૧૧-૫૩ થી ૧૪-૫૫ સુધી, ૧૫-૫૬ થી ૧૬-૫૭ સુધી |

## દૈનિક રાશીફળ

તા.૨૩-૦૩-૨૦૨૦ સોમવાર

**મેષ (અ.લ.ઈ.) :-** સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકશે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્તિનો યોગ છે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યો વગેરેનો યોગ છે.

**વૃષભ (બ.વ.ઉ.) :-** નવા સંબંધ બનશે. સત્સંગ થશે. માનસિક શાંતિ જાળવી રાખવી. ઘરમાં મહેમાન આવશે.

**મિથુન (ક.છ.ઘ.) :-** બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વૃદ્ધિ થશે. શત્રુઓથી હાનિ થવાની આશંકા રહેશે. કાયદાકીય બબતોમાં સફળતા મળશે.

**કર્ક (ડ.હ.) :-** સફળ યાત્રાનો યોગ છે. વિદ્યાર્થીઓએ શિક્ષા પર પર્યાપ્ત ધ્યાન આપવું પડશે. દેવાની ચિંતા ઓછી થશે.

**સિંહ (મ.ટ.) :-** બીજા પર વધુ વિશ્વાસ ન કરવો. વ્યાપાર-વ્યવસાય સારો અને લાભદાયી રહેશે.

**કન્યા (પ.ઠ.ણ.) :-** આવક-ખર્ચમાં સંતોલન રહેશે. કાર્યક્ષમતામાં વૃદ્ધિ થશે. માનસિક અસ્થિરતા દૂર કરો અને કાર્ય સમય પર પૂર્ણ કરવાનો પ્રયત્ન કરો.

**તુલા (ર.ત.) :-** યાત્રા થઈ શકે છે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા-સંબંધીઓથી મુલાકાત થશે.

**વૃશ્ચિક (ન.ય.) :-** વિવાદ કે મુકદમાનો નિવેડો થશે. વિદ્યાર્થી પોતાની મહેનતથી આગળ વધશે. વ્યાપાર-વ્યવસાયમાં વૃદ્ધિ થશે.

**ધન (ભ.ધ.ફ.ઢ.) :-** વ્યવસાયિક યાત્રાઓ લાભદાયક રહેશે. ઉત્સાહમાં વૃદ્ધિ થશે. શુભ કાર્યો પર ખર્ચ થઈ શકે છે.

**મકર (ખ.જ.) :-** જ્ઞાન-શિક્ષા, સંશોધન વગેરે પર વિશેષ વ્યયનો યોગ. કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ, સન્માન અને ઉપલબ્ધિ પ્રાપ્તિનો યોગ.

**કુંભ (ગ.શ.સ.) :-** સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકશે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્તિનો યોગ છે. સંતાન પક્ષ, મિત્ર વર્ગ, મનોજંન સંબંધી કાર્યોમાં લાભ પ્રાપ્તિનો યોગ.

**મીન (દ.ચ.ઝ.) :-** આપની સફળતાનું મૂળ મંત્ર કોઈ પણ કાર્યને અશક્ય ન સમજવી છે. પરિચય ક્ષેત્રનો વિસ્તાર થશે.

# લોકોનાં જીવન ઉદ્ધાર માટે જન્મ અવતર્યો અને ટ્રમ્પને નબળો ચીતરી છેલ્લે મોદીની જય બોલાવી દીધી

મોદીજી આપની ઉપર દેશ અભિમાન લે છે અને નતમસ્તક છે.

આદરણિય મોદીજીની બુધ્ધી પ્રતિભા અને કૌશલ્ય ઉપર બધાજ ફીદા છે. વિચાર તો કરો કે મોદીજીએ ૨૨ તારીખેજ જનતા કર્ફ્યુ શું કામ નાખ્યો ? આ બાબતનો પર્દાફાશ હાલમાંજ થયો છે.૨૨ માર્ચ એટલે ફાગણ વદ ૧૩.આ દિવસે મધુક્ષર્ણ ત્ર્યોદશી વારૂણી યોગ છે.પંચાગ પ્રમાણે ૨૨ માર્ચના રોજ ઉનાળાની શરૂઆત થઇ જવાની છે અને તે દિવસે ખુબજ ગરમી પડશે.સુર્ય તેની પુરી તાકાતથી તપશે. કોરોના રોગ ભવિષ્યમાં ભારતમાં આવશે ત્યારે આપણે શું ઉપાય કરવા જોઇયે ? આની ચર્ચા કરવા મોદીજીએ બે મહીના પહેલા નાસા અને ઈસરોના વૈજ્ઞાનિકો સાથે બેઠક યોજી હતી.

આ વખતે ઘણા લોકોએ તેમની મઝાક ઉડાવેલી પરંતુ મોદીજીએ ઉપગ્રહ દ્વરા પૃથ્વી ઉપર રસાયણનો છટકાંવ કરીને રોગને કાબુમાં લઈ શકાય એ બાબતે વૈજ્ઞાનિકો સાથે ગહન ચર્ચા કરી તે વખતે બધાજ વૈજ્ઞાનિકો અવાક થઈ ગયા કારણ કે જે બાબતની તેઓએ કોઇ દિવસ કલ્પના પણ ન્હોતી કરી તે બાબત આ મહા માનવ ઉજાગર કરી રહ્યો હતો. ત્યારે વૈજ્ઞાનિકોને એમ લાગ્યું કે મોદીજીનો અને મહાન વૈજ્ઞાનિક આઇનસ્ટાઇનનો આઇ.ક્યુ. સરખો હોવો જોઇયે. મોદીજીએ રસાયણ ભરેલો ઉપગ્રહ સુર્ય સામે ગોઠવવાનો પ્રસ્તાવ મુકયો.

તેમણે આખી થિયરી સમજાવતા જણાવ્યું કે ૨૨ તારીખે સવારમાં સાત વાગે ઉપગ્રહ ઉપર સુર્યના અંતિનિલ કિરણ પડશે જેનાથી ઉપગ્રહ ઉપરનું રસાયણ વરાળ થઈને પૃથ્વીની દીશામાં જશે.અને ઉપગ્રહની ગતી અને પૃથ્વીની ગતિને મેચ એવી રીતે કરવી જેથી આ વરાળ માત્ર ભારત ઉપર ફેલાય આવું ગહન ગણિત મોદીજીએ બધાને સમજાવ્યું.

નાસા અને ઈસરોના વૈજ્ઞાનિકોએ આ વાતની પુષ્ટી કરી અને આ બાબત શક્ય છે તેમ જણાવ્યું .આ બધીજ ચર્ચા ખાનગી રાખવાની વાત નક્કી થયેલ પરંતુ નાસાવાળાઓએ આ વાત અમેરીકી પ્રમુખ ડોનાલડ ટ્રમ્પને કરી દીધી. ટ્રમ્પ આશ્ચર્ય ચકિત થઈ ગયા અને તેમણે નાસાના વૈજ્ઞાનિકોને કંહ્યુ કે આ રસાયણની વરાળ અમેરીકા ઉપર ના ફેકી શકાય ? જવાબમાં નાસાના વૈજ્ઞાનિકોએ કંહ્યુ કે ઉપગ્રહનું રીમોટ મોદીજી પાસે છે એટલે આપણે કાઇ ના કરી શકીએ...અને પછી ટમ્પે ભારત યાત્રાનું આયોજન કર્યુ અને મિત્ર મોદીને વિનંતિ કરી કે આનો લાભ અમેરિકાને મળે તેવુ કરો. પણ મોદીજીએ વિચારશું એવું કહીને ટમ્પને રવાના કરી દીધા...

પણ અંહિયા બીજો એક પ્રશ્ન ઉપસ્થિત થયો ,૨૨ તારીખે ગરમી વધારે હશે તો તે દિવસે રસાયણની વરાળ ભારત ઉપર ફેલાશે તો કોઇ નુકશાન તો નહી થાય ને ? પરંતુ મોદીજી પાસે આનું પણ સોલ્યુસન હતું ..તેમણે હિમાલયમાં તપ કરીને આત્મસાત કરી લીધુ હતું કે માનવી શરીર પંચમહાતત્વનું બનેલુ છે .દરેક શરીરમાં આકાશ,વાયુ, જળ, અગ્ની અને પૃથ્વી જેવા તત્વો વિધ્યમાન છે એટ્લે જયારે આપણે તાળીઓ પાડશું ત્યારે આ તત્વો ઉતેજીત થશે અને શરીરની પ્રતિકાર શકતિમાં વધારો કરશે અને ગણીત કરીને તે દિવસે સાંજના પાંચ વાગ્યે તાળીઓ પાડવી તેવું નક્કી કરી દીધું

આવા મહામાનવાને સત સત વંદન...આ અને આના જેવી અનેક ખુબી મોદીજીમાં ભરેલી છે ઘણા તો એવું માને છે કે તેઓ અવતાર રુપે અવતર્યા છે અને માનવજાતનું કલ્યાણ કરવા અને રાક્ષસોને હણવા માટે તેઓએ ભારતવર્ષમાં જન્મ લીધો છે.

મોદીજી કી જય.



થાળી અને તાળીથી અભિવાદન કરી જુસ્સો વધારતા નાના ટાબરીયાઓ....




इस कोरोना रूपी महामारी के विश्व युद्ध मे हमे जीतना होगा ।उसे परस्त करना होगा ।उसे खत्म करना होगा। हम भारती जो ठान लेते है वो करके दिखाते है।आओ आज भी वो जज़्बा दिखाए ।हाथ उठाये और पूरे विश्व के लिए प्राथना करे ।संकल्प ले हाथ जोड़कर की एक होकर इससे आखिर तक लड़ेंगे सब इस कोरोना का हरा कर मार कर दम लेंगे। **Ragini Chaturvedi,mrs$brigadier$ Ajmer**




આજરોજ જુનાગઢ ખાતે માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતના દરેક નાગરિકને સ્વયંભૂ બંધ પાળી અને કોરોના વાયરસ સામે લડવા નું આહવાન કર્યું છે ત્યારે જુનાગઢ ની તમામ જનતાએ ખુબજ સારો પ્રતિસાદ આપ્યો છે અને સંપુર્ણ જુનાગઢ મહાનગરે સ્વયંભૂ રીતે બંધ પાળી સરકાર ને સપોર્ટ કર્યો છે....

આ માટે જુનાગઢ મહાનગર માં કલેકટર શ્રી, કમીશ્નર શ્રી, એસપી સાહેબ ના આદેશ અનુસાર સંપુર્ણ વહીવટીતંત્ર પુરી નીષ્ઠા થી પોતાની ફરજ બજાવતા હતા ત્યારે મારી જનમત ફાઉન્ડેશન ની ટીમ દ્વારા ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓ, પત્રકાર મિત્રો, મેડીકલ ના કર્મચારીઓ તથા સફાઈ કામદારો ને પીવા માટે પાણી, ફુડ પેકેટ અને માસ્ક નુ વિતરણ કરવામાં આવ્યું હતું.....

આ કપરી પરિસ્થિતિમાં પણ ફરજ બજાવતા કર્મચારી અને પત્રકાર મિત્રો ની સેવા કરવાનો અવસર મળ્યો હતો અને આ સેવા કાર્ય માં મારી સાથે કુણાલ ચોવટીયા, ઈરફાન સીદીકી, રવી ઠાકર, પરેશ પરમાર, ભદ્રેશભાઈ, તથા જનમત પરીવાર જોડાયા હતા....

## કોરોનાનો કહેર, ૧૮૮ દેશ અને ૧૩,૦૩૩ મોત; સ્પેનમાં એક દિવસમાં પાંચ હજાર નવા કેસ

*વોશિંગ્ટન, તા.૨૨*

દુનિયામાં કોરાના વાઈરસ અટકવાનું નામ જ નથી લઈ રહ્યો. રવિવારે સવાર સુધી ૧૮૮ દેશ આનાથી પ્રભાવિત થઈ ચુક્યા હતા. આ દરમિયાન કુલ ૩,૦૬,૯૩૯ કેસ સામે આવ્યા હતા. ૧૩,૦૩૨ લોકોના મોત થયા છે. રાહતની વાત એ છે કે આ દરમિયાન ૯૫,૪૯૮ દર્દી સ્વસ્થ પણ થયા છે. સ્પેનમાં શુક્રવારથી શનિવાર વચ્ચે ૨૪ કલાકમાં કોરોના સંક્રમણના ૫ હજાર નવા કેસ સામે આવ્યા છે. પાકિસ્તાનમાં એક વાર ફરી કોરોનાના બહાને દુનિયા પાસે દેવા માફીની માંગ કરી છે. ઈરાનની વાત કરીએ તો ૧૯૬૪૪ લોકો આ વાયરસથી ત્યાં અત્યારે સંક્રમિત છે અને ૧૪૩૩ લોકોના અત્યારસુધીમાં ઈરાનમાં મોત થયા છે. ૨૧ માર્ચના રિપોર્ટ મુજબ જર્મનીમાં ૧૮૩૨૩, ફ્રાન્સમાં ૧૨૪૭૫, સ્વિટ્ઝર્લેન્ડમાં ૪૮૪૦, ેંદ્બમા ૩૯૮૩, નેધરલેન્ડમાં ૨૯૯૪, મલેશિયામાં ૧૦૩૦, ઓસ્ટ્રેલિયામાં ૮૭૩, થાઈલેન્ડમાં ૩૨૨, અમેરિકામાં ૧૫૨૧૯ લોકો આ વાયરસથી સંક્રમિત છે.વડાપ્રધાન ઈમરાન ખાન બાદ વિદેશ મંત્રી શાહ મહમૂદ કુરૈશીએ દેવામાં રાહતની માંગ કરી છે. 'ડોન ન્યૂઝ'સાથેની વાતચીતમાં કુરૈશીએ કહ્યું, 'પાકિસ્તાન જેવા ગરીબ દેશ માટે કોરોના વાઈરસ સામે લડાઈ લડવી સરળ વાત નથી. દેશ પર વિદેશી દેવું વધારે છે. અમે ઈચ્છીએ છીએ કે દુનિયાના મોટા દેશો અને નાણાકીય સંસ્થા આ વખતે અમારી મદદ માટે આગળ આવશે. થોડી દેવા માફી કરવામાં આવે અન્ય કેસમાં રાહત આપવામાં આવે'કુરૈશીએ શનિવારે જર્મની વિદેશ મંત્રી હેઈકો મેસ સાથે વાતચીત કરી હતી. શનિવાર સાંજ સુધી પાકિસ્તાનમાં સંક્રમણના કુલ ૬૫૩ કેસ સામે આવ્યા હતા. ૩ લોકોના મોત થઈ ગયા છે.

CNNના જણાવ્યા પ્રમાણે, શનિવાર સાંજ સુધી ન્યૂયોર્ક જેલમાં કુલ ૩૮ કેદી કોરોના પોઝિટિવ મળી આવ્યા હતા. જેલ અધિક્ષક જૈકલીન શરમને કહ્યું-૩૮ દર્દી પોઝિટિવ મળી આવ્યા છે. ૫૮ શંકાસ્પદ છે. રવિવાર સુધી આ લોકોનો પણ ટેસ્ટ રિપોર્ટ કરવામાં આવશે. જેલમાં જ ક્વૈરેન્ટાઈન ફેસિલિટી બનાવવામાં આવી છે. કેદીઓને આમા રાખવામાં આવશે.

## કોરોના- સાવચેતી એજ સલામતી

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના જનતા કરફ્યુના નિર્ણયને સલામ..

લેખક/સંપાદક :-
બકુલચંદ્ર વી.પરમાર
પ્રાથમિક શિક્ષક,
ખોડલા પ્રાથમિક શાળા.
તા.પાલનપુર, જી. બનાસકાંઠા



સમગ્ર વિશ્વમાં જ્યારે કોરોનાની મહામારી ચાલી રહી છે ત્યારે આપણે સૌએ ડર્યા વગર કોરોના વાયરસ માટે નીચે મુજબ સાવચેતીના પગલાં અવશ્ય લેવા જોઈએ..

કલમ ૧૪૪નું ચુસ્તપણે પાલન કરીએ..

દૂધની કોથળી લઈને તરત પાણી થી ધોઇ સાબુથી હાથ ધોઈ લઈએ.. કુરિયર ,પોસ્ટને હાથોહાથ ન લેતાં ઘરબહાર નીચે કે પછી ટ્રેમાં મુકવાનુ કહો. ૨૪ કલાક પડયું રહેવા દો, પછી તેને અડીએ..

ઘરમા હો કે બહાર, કલાકે કલાકે સાબુથી હાથ ધોવાનું રાખીએ.. શાકભાજી કે ફ્રુટસ લઈ ધોઈને જ ઘરમા લાવીએ..

.બહાર નીકળ્યા હોય ત્યારે માસ્ક અને સેનીટાઈજર હંમેશા સાથે રાખી થોડી થોડી વારે સેનીટાઈજર લગાવતા રહીએ.જરૂર પડ્યે માસ્ક પહેરીએ..

કોઈપણ કારણસર બહાર જવાનું થયું હોય ત્યારે બીજી અન્ય વ્યક્તિથી ઓછામાં ઓછું એક મીટર જેટલુ અંતર રાખી હાથ મિલાવવાનું ટાળીએ અને નમસ્તે કરવાનું રાખીએ

.ઘરની આજુબાજુ કે સોસાયટીમાં બહારના દેશમાંથી કોઇ આવે કે તરત જ ગુજરાત કોરોના હેલ્પ લાઈન ૧૦૪ ઉપર ફોન કરી જાણ કરીએ..

કોઈને ત્યાં જઈને કે ઘેર બોલાવી મળવાનું ટાળીએ.. ટોળાવાળી જગ્યાએ જવાનું ટાળીએ.. વાયરસના ફેલાવાની સાથે બહાર ચાલવા જવાનું ટાળી ઘરમા થઈ શકે તેવી કસરતોથી ચલાવીએ..

. ઘરવખરીની ચીજો ખાસ કરીને રસોઇ, ન્હાવા ધોવાની ,જરૂરી દવાઓ તથા અન્ય જરૂરી ચીજ વસ્તુઓ નો પૂરતો સ્ટોક રાખીએ..

મોબાઈલ ફોન તેમ જ તેનુ કવર, રિમોટ વગેરેને રોજ સાફ કરવાનું રાખીએ..

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે આપેલ તા.૨૨/૩/૨૦૨૦ના ×જનતા કર્ફ્યુ×ના નિર્ણયને આવકારી તેનો ચુસ્તપણે અમલ કરી દેશને કોરોના મુક્ત બનાવવા સહયોગી બનીએ.. ×જનતા કરફ્યૂ× અભિગમ પાછળ પણ વૈજ્ઞાનિક તર્ક રહેલ છે..

એક જગ્યાએ કોરોના વાયરસનું જીવન ૧૨ કલાક છે. જનતા કર્ફ્યુ ૧૪ કલાકનો છે તેથી કોરોના બચી ગયેલા જાહેર સ્થળોના સ્થળો અથવા બિંદુઓને ૧૪ કલાક સુધી સ્પર્શ કરવામાં આવશે નહીં અને આ સાંકળ તૂટી જશે.૧૪ કલાક પછી જે મળે છે તે સુરક્ષિત દેશ હશે.તે પાછળનો વિચાર છે. નજીકમાં ભવિષ્યમાં આ કવાયત જરૂરી હોય તો વધુ વખત કરી ને દેશના નાગરિકોને બચાવી શકાય તેમ છે. માટે તા. ૨૨/૩/૨૦૨૦ ની આ જનતા કર્ફ્યુ માં સૌ જોડાઈ ને આપણાં સૌને કોરોના સામે ની લડાઈમાં જીત અપાવી ભારત ને કોરોના થી મુક્ત દેશ બનાવીએ.

સૌ દેશવાસીઓ જનતા કરફ્યુમાં જોડાઈએ અને કોરોનાને દૂર ભગાડી માનનીય મોદી સાહેબના નિર્ણયને વધાવીએ અને ઘરમાં રહી સલામત અને સુરક્ષિત રહીએ.

# आतंकवादी बनने गए थे, भिखारी बनकर रह गए%, केरल से ७५ में शामिल होने के लिए गई महिलाओं की कहानी

वर्ष २०१६ में ISIS में शामिल होने के लिए केरल से गयी कुछ महिलाएं अब वापस भारत लौटना चाहती हैं और अब ४ साल बाद उस महिला के परिवार ने भारत सरकार से मदद मांगकर उन्हें वापस लाने की गुहार लगाई है। वह भारतीय खुफिया एजेंसियों द्वारा निमिषा और दो अन्य महिलाओं, सोनिया सेबेस्टियन उर्फ आयशा और राफेला से पूछताछ की एक वीडियो में नजर आई थी। ये महिलाएं अपने पतियों के साथ अफ़ग़ानिस्तान में ढुस्ढुस में शामिल होने के लिए गईं थी, लेकिन अब इनके पति मारे गए हैं तो ये महिलाएं वापस अपने देश आना चाहती हैं। यह दर्शाता है कि भारत को मुस्लिमों के लिए खतरनाक देश बताने वाले लोगों के दावों में कितनी सच्चाई है और असल में भारत से बाहर रहने वाले मुस्लिम भारत वापस आने के लिए कितने व्याकुल रहते हैं।

इन महिलाओं में से आयशा उस मारे गए आतंकवादी अ4दुल राशिद अ4दुल्ला की पत्नी है जिसने केरल में ढुस् में भर्ती करने के मॉडल को लॉन्च किया था। राशिद ने न केवल लोगों को ढुस् में भर्ती होने के लिए उकसाया बल्कि लोगों का धर्म परिवर्तन भी कराया। इसके बाद वह काफी लोगों को लेकर ईरान के बॉर्डर के इलाके से अफ़ग़ानिस्तान में घुसा, जिनमें आयशा भी शामिल थी।अ4दुल पिछले साल मारा गया था जिसके बाद आयशा के मुताबिक, उसकी ज़िंदगी बेहद निराशाजनक हो गयी थी और अब वह अपने परिवार के पास लौटना चाहती है। भारतीय जांच एजेंसियों द्वारा इन महिलाओं से पूछताछ की वीडियो में सोनिया को यह कहते सुना जा सकता है कि च्जब २०१६ में हम यहाँ पहुंचे, तो हमने देखा कि यहाँ चीज़ें हमारी उ6मीद के मुताबिक थी ही नहीं। हमें इस्लामिक ज़िंदगी जीने की सोची थी और इस्लामिक कानून के तहत ज़िंदगी बिताने का सपना देखा था, लेकिन यहाँ वह सच नहीं है। अब मैं वापस दोबारा भारत लौटना चाहती हूँ और अपने पति के परिवार के साथ रहना चाहती हूँज्ज इसी तरह एक अन्य महिला निमीषा कहती है कि वह अपनी माँ बिन्दु संपथ से मिलना चाहेगी, बशर्ते उसे भारत आने के बाद गिरउतार न किया जाये। निमीषा केरल की डेंटल स्टूडेंट थी जिसने एक ईसाई लड़के से शादी की थी और फिर अपनी माँ को बताए बिना ही इस्लाम धर्म स्वीकार कर लिया था। माना जाता है कि निमीषा और उसके पति को केरल में काम करने वाले ढुस्ढुस के आतंकवादियों ने ही ढुस्ढुस में शामिल होने के लिए उकसाया था।बता दें कि पिछले वर्ष नवंबर और दिसंबर में अफ़ग़ानिस्तान में १४०० पुरुषों और महिला आतंकवादियों ने सरेंडर किया था जिसमें कई भारतीय भी थे। उनमें से लगभग सभी केरल से ही थे। केरल भारत का सबसे ज़्यादा अतिवादी राज्य माना जाता है जहां आतंकवादियों का ह्लद्गह्ल्श्ह्- नेटवर्क बेहद मजबूत है। केरल पिछले कुछ सालों में वहाबी गतिविधियों और कट्टर इस्लाम के हब के रूप में उभरकर सामने आया है।ISIS × शामिल होने गयी ये कई महिलाएं अब वापस अपने देश लौटना चाहती हैं। लेकिन सबसे बड़ा सवाल यह है कि 1या उन्हें वापस भारत में जगह देनी चाहिए? इस बात की 1या गारंटी है कि जिन कट्टर विचारों के साथ ये महिलाएं अफ़ग़ानिस्तान में आतंकवादी बनने गयी थीं, अब उन विचारों को इन महिलाओं ने छोड़ दिया है। अगर इन्हें वापस भारत में जगह दे दी जाएगी तो ये यहाँ आकर दोबारा अपने कट्टर विचार समाज में फैलाएँगे।S के पूर्व चीफ आतंकवादी अबु-बकर अल बगदादी ने मरने से पहले सभी जिहादियों को संदेश दिया था कि उन्हें वापस अपने देश लौटकर वहां जिहाद फैलाने का काम करना चाहिए। अब इस बात का शक बढ़ गया है कि ये महिलाएं वापस भारत आकर जिहाद को बढ़ावा दे सकती हैं। भारत में पीएम मोदी ने जिस तरह आतंकवाद के खिलाफ भयंकर लड़ाई छेड़ी है, उसने इन जिहादियों के पनपने के लिए कोई स्थान ही नहीं छोड़ा है। केरल में भारतीय जांच एजेंसियों ने इन आतंकवादियों को काबू करने के लिए जो कदम उठाए वो प्रशंसनीय है। अब भारत को इन महिलाओं की वतन वापसी को लेकर सोच-समझकर कदम उठाने की ज़रूरत है।

# ન્યુઝ ઓફ ગાંધીનગર.સાહિત્યિક સ્પર્ધા ના ગદ્ય,પદ્ય પરિણામ.... અહેવાલ : જિજ્ઞા કપુરીયા

વિભાગ ::- પદ્ય

શીર્ષક ચાંદની ધારે

પ્રેમની ભાષા મળી છે ચાંદની ધારે
પ્યારની વાચા ફળી છે ચાંદની ધારે
એકમેકે ખોળતી કેસરની ક્યારીને
શ્વેત અમરતથી ઢળી છે ચાંદની ધારે
ભાન ભૂલાયું ધવલ શી ધાર માણીને
લાગણી પાક્કી વળી છે ચાંદની ધારે
એ વહેતી ઈન્દુ ગંગા તન મઢે દુગ્ધા
વારિ વરસાવી ભળી છે ચાંદની ધારે
આજ અવસરને ગણી માણી લઈએ એ
રોજ એ ગાઈ લળી છે ચાંદની ધારે
દેવીબેન વ્યાસ-વસુધા

શીર્ષક પ્રેમનું મિલન

નિસ્વાર્થ પ્રેમની વાર્તા સાથે પુનમનો ચાંદ બતાવું,
ભરતીથી ઉછળતાં મોજામાં પ્રેમ ચાંદની નખાવું,
રેશમી તાંતણાનાં હિંડોળે તારા હૈયાને હીંચકાવું,
વીજળીના તણખા પર તારા પ્રેમનો મહેલ બંધાવુ,
તારા સોનેરી સંગાથે પ્રેમનાં મસ્તીનાં મોજાંને મળાવું,
સાથ મારો હમેશાં રહેશે એ પ્રતિજ્ઞાથી સમુદ્ર તરાવું,
પ્રગતિનાં પ્રેમ પંથમા પુષ્પો પાથરીને પ્રેમ પ્રગટાવુ,
તું આવ, પ્રેમનાં નશાને નેત્રે ચડાવીને નાચ નચાવુ,
મધુર મુલાકાતની આશમાં મીઠી કવિતાઓ રચાવુ,
તને કાગળથી ઉતારીને મધ દરિયે રૂડું મિલન કરાવું,
- મિલન અંટાળા

શીર્ષક:×જીવન તરંગ×

સાત સમુદ્રની ક્યાં વાત હતી.
જીવન તરવાની તો વાત હતી.
વમળ તો કંઈક ઉઠશે જીવનમાં,
તરી જાશું સંગાથમાં
અંતર ઉલેચવાની ક્યાં વાત હતી,
ભીતરમાં ભરતીની વાત હતી.
આલિંગન ઓછા પડયા તરંગના
જો બાહોમાં તારી બાહો હતી.
હરખનાં મોજા ઉછળે હૈયે,
દુઃખની ઓટ ને સુખની લહેર હતી.
ઈલા આર.મિસ્ત્રી'કલમ'

શીર્ષક :-ક્ષિતિજે મિલન

મહેરામણ અમે ને સરિતા તમે હારોહાર જઈએ..
ચાલો ને ક્ષિતિજે દેખાય એ ચાંદ ને પાર જઈએ..
ઘુઘવતા અમે ને ખળખળતાં તમે તોખાર જઈએ..
ચાલો ને ક્ષિતિજે દેખાય એ ચાંદ ને પાર જઈએ.
ઊછળતાં અમે ને રૂમઝુમતાં તમે મઝધાર જઈએ..
ચાલો ને ક્ષિતિજે દેખાય એ ચાંદ ને પાર જઈએ..
બાથ ભીડાવી એકમેકને ખંભે ધુંઆધાર જઈએ..
ચાલો ને ક્ષિતિજે દેખાય એ ચાંદ ને પાર જઈએ..
મિલન અદકેરું આપણું ક્ષિતિજે એકાકાર થઈએ..
ચાલો ને ક્ષિતિજે દેખાય એ ચાંદ ને પાર જઈએ..
×નિજ× ડો. વિરેન્દ્ર ડોલાસિયા..?

વિભાગ ::- ગદ્ય

શીર્ષક ::- × મિલન ×

સાગર અને સરિતા એકબીજાના પ્રેમમાં ગળાડૂબ હતાં. બંને દરિયા કિનારે બેસીને પ્રેમભરી પળો માણી રહ્યા હતા. સામે દરિયાનાં ઉછળતા મોજા ને ક્ષિતિજ પર આથમતો સૂર્ય જાણે પ્રેમનો નશો ચડાવી રહ્યો હતો.

સરિતા સાગરને કહી રહી હતી; ×સાગર આપણે ક્યાં સુધી આમ છુપાઈ છુપાઈને મળતા રહીશું? તું ક્યારે મને તારી બનાવીશ? ક્યાં સુધી આપણે આમ દુનિયાથી ડરતા રહીશું? તું આ દરિયાદેવને સાક્ષી માનીને મને તારી બનાવી લે.×

સાગર આ બધું ચૂપચાપ સાંભળી રહ્યો હતો. સરીતાએ તેનો હાથ પકડીને કહ્યું; ×સાગર તું કેમ ચૂપ છે? કેમ કાંઈ બોલતો નથી? તું મને પ્રેમ તો કરે છે ને?ત્યારબાદ સાગરે અચાનક સરિતાનો હાથ પકડ્યો અને તેની બાજુના એક મંદિરમાં લઈ ગયો અને ત્યાં જ ઈશ્વરને સાક્ષી માનીને સાગરે સરિતાની માંગમાં સિંદૂર ભર્યું અને દરિયાદેવની સમક્ષ જન્મો જન્મ સાથે રહેવાના કોલ આપ્યા અને ઢળતી સાંજના ઘૂઘવતા દરિયા કિનારે ક્રિષ્ના મંદિરમાં આજે સાગર અને સરિતા એકબીજાનેઠ ભેટી પડ્યા અને સરિતાનું સાગરમાં મિલન થયું.

-ભરત રબારી

શીર્ષક : સાગર ની સરિતા..

સાગર ને સરિતા આજે વિવાદે ચડ્યા. સરિતા સાગર કિનારે આવીને કુદરતની અગાધ જળરાશી જોઈ રહી, ત્યાં તો સાગરે એક પ્રચંડ મોજાથી ઘૂઘવાટ કર્યો ને સરિતા ની ભીંજવી દીધી. સરિતા એ કહ્યું, × સાગર કેમ આજે તોફાને ચડ્યો?×

સાગર આજે તોફાની મૂડમાં હતો, એણે વધુ એક મોજાથી સરિતાને ભીંજવીને ગર્જન કર્યું.

હવે સરિતાને ગુસ્સો આવ્યો, એણે સાગર ને કહ્યું, × સાગર, ભલે તારામાં શિવતાંડવ સમ ગર્જન અને નર્તન હોય, ભલે તારામાં અગાધ ,અમાપ અને ગહન જળરાશી હોય પણ..હું મારા પાણીથી લોકોની તૃષા છીપાવું છું.મારી પાસે તારા જેટલી જળરાશી નથી પણ જે મીઠાશ મારી પાસે છે તેની સામે તારા ખારાશની કોઈ વિસાત નથી×. સાગર જરા શાંત થયો.

સરિતા બોલી, , ×સાગર તારી અંદર ડુબનારા મૃત્યુ પામે છે..જ્યારે હું તો સરિતા છું..એક નદી ..લોકો માતા માની પૂજે છે મને..

સાગર એક વાત કહું, અભિમાન વિનાશને નોતરે છે.
×હું×નો હુંકાર પછડાટ આપે છે.
સાગર હું તો તારી સરિતા છું. તારી પ્રચંડ ભુજાઓમાં સમાઈ જવું એ જ મારી નિયતિ છે.
પણ સાગર, તારું અભિમાન મને નથી ગમતું×. આટલું કહી સરિતા
ઉત્તુંગ શિખરોથી કલકલ વહેતી, સાગર સમીપે સરી.. સાગરને સનાતન સત્ય સમજાવી,
સાગરની મોજારૂપી બાહોમાં સમાઈ ગયી...
રીટા મેકવાન

શીર્ષક:- અમર પ્રેમકહાની

ને મીરા આજે ખુબ જ ખુશ હતાં... આરવના ચેહરા પર તો આજે બમણી ખુશી હતી, કેમ કે આજે એની મીરાને એવોર્ડ જો મળવાનો હતો.

મીરા એક કર્તવ્યનિષ્ઠ પોલીસ ઈન્સપેક્ટર હતી... તાજેતરમાં દેશમાં ચાલી રહેલ આંતકવાદમાં લોકોની સુરક્ષા માટે મીરા દિવસ રાત મહેનત કરતી હતી. અને મીરાને તેમાં સફળતા પણ મળી... તેના શહેરમાં ઘૂસી આવેલાં તમામ આંતકવાદીઓને મીરાએ ત્યાંથી ભગાડી દીધાં હતાં.

આખરે એ દિવસ આવી જ ગયો, જ્યારે મીરાને તેની બહાદુરી અને સફળતા માટે એવોર્ડથી સન્માનિત કરવાની હતી.

આરવ આજે મીરા માટે ખુશ હતો,તો સામા પક્ષે મીરા પોતાના માટે ખુશ હતી કે તેને આરવ જેવો પતિ મળ્યો... કે હંમેશા મીરાની સાથે જ હોય. દરેક વાતમાં મીરાને સાથ અને હિંમત આપે.

મીરાનું સપનું હતું... તે એક પોલીસ ઈન્સપેક્ટર બનશે, આરવના સાથ-સહકારને લીધે આજે એનું એ સપનું પૂરું પણ થઈ ગયું.

આરવ અને મીરા સાંજે પાંચ વાગ્યે પોતાના પરિવાર સાથે સન્માન સમારોહના સ્થળે પહોંચે છે. ત્યાં કાર્યક્રમની શરૂઆત થાય એ પહેલાં જ મીરાને જાણ થાય છે, અહીં કોઈ આંતકવાદી આવી ચડ્યો છે અને બોમ્બ રાખી દીધો છે.

મીરા તરત જ એ જાણવાની કોશિક કરે છે કે બૉમ્બ રાખ્યો છે ક્યાં??? થોડીવાર બાદ એને જાણ થાય છે કે અહીં કાર્યક્રમના સ્થળે બેથી ત્રણ જેટલાં બૉમ્બ ગોઠવ્યા છે.

મીરા એક પણ સમયનો વિચાર કર્યા વિના લોકોની સુરક્ષા માટે અને બધાંનો જીવ બચાવવા માટે બધાં બૉમ્બ કાઢી લે છે. બૉમ્બમાં જોવે છે તો માત્ર પંદર મિનિટ જ હતી... ત્યાર બાદ બૉમ્બ વિસ્ફોટ થાશે અને અહીં રહેલાં હજારો નિર્દોષ લોકો પોતાના પ્રાણ ગુમાવશે. આ વિચાર કરી તરત જ મીરા બૉમ્બ પોતાના શરીરે લગાવે છે.

કોઈનું ધ્યાન ન જાય એમ મીરા ત્યાંથી દોડીને નજીકમાં આવેલ દરિયાકિનારા પાસે જાય છે. મીરાને આમ દોડતાં જોઈ આરવ પણ તેની સાથે જાય છે.

આરવ મીરાને પુછે છે....શું થયું? મીરા કહે આરવ સમય બહુ ઓછો છે. મારે લોકોના જીવ બચાવવા માટે તરત જ આ દરિયામાં કૂદી જવું પડશે. જેથી મારા શરીરે લગાવેલ બૉમ્બ પાણીમાં જ વિસ્ફોટ થશે અને લોકોનો જીવ બચી જશે.

આરવ આ સાંભળી ગુસ્સે થાય છે અને આમ ન કરવા કહે છે. મીરા કહે છે આરવ આ મારી ફરજ છે. પ્લીઝ તમે અહીંથી જતાં રહો.

આરવ મીરાની વાત માનતો નથી અને એ પણ મીરા સાથે દરિયામાં કૂદી પડે છે. થોડી જ મિનિટમાં એક જોરદાર અવાજ સાથે બૉમ્બ વિસ્ફોટનો અવાજ આવે છે.

બૉમ્બના એ અવાજ સાથે આરવ અને મીરાનો છેલ્લો અવાજ આઈ લવ યુ... વાતાવરણમાં ગુંજી ઉઠે છે.

સંધ્યાના સમયે દરિયાકિનારામાં એકબીજાનો હાથ પકડી હંમેશાની જેમ આજે એકમેકનો સાથ આપવા બંને પોતાના અંતિમ શ્વાસ છોડે છે.

?મીરા પટેલ

## મહામારી જેવી કોરોના બીમારી સામે પાલનપુરમાં જનતા કરફ્યુનો ચુસ્ત પણે અમલ અને નગરપાલિકા દ્વારા ફોગીંગ હાથ ધરવામાં આવ્યું



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

સમગ્ર વિશ્વ સહિસ દેશ ભર માં કોરોનાના કહેર જોવા મલી રહ્યો છે.ત્યારે દેસ ના વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ૨૨ માર્ચ ના રોજ જનતા કરફ્યુ ની અપીલ કરવામાં આવી હતી.ત્યારે ગુજરાત સરકાર દ્વારા પણ ગુજરાત માં લોકો આ અપીલ નું પાલન કરે અને લોકો ઘરમાં જ રહે તે માટે સૂચનો કરવામાં આવ્યા હતા ત્યારે આજે બનાસકાંઠા ના મુખ્ય શહેર પાલનપુર માં સવાર થી જ તમામ દુકાનો સજ્જડ બંધ જોવા મળી હતી એક દુકાન ખુલી નહોતી શહેર ના હાર્દસમાં સિટીલાઈટ રોડ ગુરુનાનક ચોક ના રસ્તાઓ સૂમસામ નજરે પડી રહ્યા હતા.વડા પ્રધાન ની અપીલ ને લોકો એ માન આપી આ બંધ માં સાથ સહકાર આપ્યો હતો.અને મહામારી જેવી કોરોના બીમારી સામે લોકો પાલનપુરમાં જનતા કરફ્યુનો ચુસ્ત પણે અમલ કર્યો હતો..જ્યારે આજે બંધ ને લઇ નગરપાલિકા દ્વારા ફોગીંગ હાથ ધરવામાં આવ્યું છે.સૂમસામ રસ્તાઓ પર સવાર થી લઇ સાંજ સુધી તમામ પાલનપુર શહેર માં ફોગીગ કરવામાં આવ્યું છે ત્યારે નગરપાલિકા અધિકારી એ જણાવ્યું હતું.કે વડાપ્રધાન ની અપીલ ને અમે માન આપી રહ્યા છીએ અને ફરજ ના ભાગ રૂપે કામગીરી પણ કરી રહ્યા છીએ..

# દેશની જનતા નહીં સમજે તો કોરોના વાયરસ ૨૫ એપ્રિલ સુધીમાં દેશમાં હાહાકાર મચાવી શકે છે

આજસુધી ભારત સરકારે ખુબ જ સતર્કતા રાખીને સાવચેતીના તમામ નિર્ણયો લીધા છે અને એને કારણે કોરોના વાયરસની બિમારી હજુ સુધી ત્રીજા ફેઝમાં પ્રવેશી શકી નથી. પરંતુ પરિસ્થિતિ હજુ પણ એટલી જ ગંભીર છે. સ્હેજ પણ ગાફેલ રહીશું તો આજથી એક મહિના બાદ એટલે કે એપ્રિલ ૨૫,૨૦૨૦ની આસપાસ ખુબ મોટી મુશ્કેલી ઉભી થઇ શકે છે. કોરોના વાયરસ જેટલો લાંબો સમય દેશમાં રહેશે તેટલો વધારે હાહાકાર મચાવી શકે છે. માટે જ આપણે સૌએ ખુબ જ સતર્ક અને સાવચેત રહેવાની જરૂર છે._ૐઈ ઈર્ઁર્દ્દૈંજી્ મેગેઝીને કોરોનાના કારણે દુનિયા પર પડતા આર્થિક પ્રભાવનું ખુબ જ ઊંડાણથી વિશ્લેષણ માર્ચ ૨૧, ૨૦૨૦ની એશિયા એડિશનમાં કર્યું છે. વિશ્લેષણમાં તે દર્શાવે છે કે ભારતમાં ઓછી સંખ્યામાં પોઝિટિવ કેસ હોવાના કારણે સાચી સ્થિતિ સામે નથી આવી રહી. એપ્રિલ ૧૦ પછી જયારે સાચી પરિસ્થિતિ સામે આવશે ત્યારે કોરોના વાયરસનો ફેલાવાને અટકાવવા માટે સરકારને નાકે દમ આવી જશે. THE ECONOMISTનું વિશ્લેષણ

એશિયા એડિશનમાં પ્રસિદ્ધ થયેલ લેખમાં THE ECONOMIS્ મેગેઝીન વિશ્લેષણ કરતાં જણાવે છે કે જો ભારત સરકાર કોરોના વાયરસને નિયંત્રણમાં લાવી નહીં શકે તો તે સ્થિતિમાં ભારત ઈટાલીમાં જે પરિસ્થિતિ હાલમાં ઉભી થઇ છે તેનાથી માત્ર એક મહિનો અને અમેરિકાની હાલની પરિસ્થિતિથી માત્ર પંદર દિવસ જ દૂર છે. લેખમાં દર્શાવ્યા મુજબ એપ્રિલ ૦૫, ૨૦૨૦થી ભારતમાં પરિસ્થિતિ અંકુશ બહાર જઈ શકે છે.

આથી હવે દેશના પ્રત્યેક નાગરિકની ફરજ બને છે કે હવે આપણે સૌએ સતર્ક અને સાવચેત રહીએ. જો આપણે સાવચેત અને સચેત નહીં રહીએ તો જો એક વખત કોરોના વાયરસ ત્રીજા ફેઝમાં દાખલ થઇ જશે તો કોરોનાના પોઝિટીવ કેસ દિવસે નહીં વધે એટલા રાત્રે વધી શકે છે અને અંતે ઇટાલી અને અમેરિકા જેવી પરિસ્થિતિનું નિર્માણ થઇ શકે છે.

વિશ્વવ્યાપી ટ્રેન્ડ

પોસ્ટમાં સાથે આપેલ ટેબલમાં સ્પષ્ટ રીતે જોઈ શકાય છે કે ઇટલી, અમેરિકા, ફ્રાંસ, જર્મની, સ્પેન અને ઈરાનમાં કેટલી ઝડપથી પરિસ્થિતિ ગંભીર બની રહી છે. છેલ્લા માત્ર પંદર દિવસમાં જ (એટલે કે માર્ચ ૦૫ થી માર્ચ ૨૦ની વચ્ચે) અમેરિકામાં માત્ર ૯૯૪ પોઝિટીવ કેસ હતા તે વધીને આજે લગભગ ૨૦,૦૦૦ સુધી પહોંચવા આવ્યા છે. એટલે કે માત્ર પંદર દિવસમાં જ તે વીસ ગણા વધી ગયા. સ્પેનમાં માત્ર ૨૮૨ હતાં તે વધીને ૨૧,૫૭૧ સુધી પહોંચી ગયા છે. ઇટાલીમાં ૩,૮૫૮થી વધીને ૪૭,૦૨૧ થઇ ગયા છે. જર્મનીમાં માત્ર ૫૪૫થી વધીને લગભગ ૨૦,૦૦૦ સુધી પહોંચી ગયા છે.

વિશ્વવ્યાપી ટ્રેન્ડ જોઈએ છીએ અને તેના આધારે ભારતની પરિસ્થિતિનું વિશ્લેષણ કરીને ભારતના આવનારા પંદર દિવસનો વિચાર કરીએ છીએ તો તે અંગે વિચાર કરતાં જ હાંજા ગગડી જાય છે. ભારતમાં આજે ૨૭૪ પોઝિટીવ કેસ છે. જો વિશ્વના અન્ય દેશોની હાલની ટ્રેન્ડ જોઈએ તો તે આવનાર પંદર દિવસમાં જ એટલે કે એપ્રિલ ૦૫, ૨૦૨૦ સુધીમાં ભારતમાં પોઝિટીવ કેસ વધીને લગભગ ૨૫,૦૦૦થી ૩૦,૦૦૦ થઇ શકે છે. પરિસ્થિતિ ઉપર જો અંકુશ ન આવે તો એપ્રિલ ૨૫ સુધીમાં તે વધીને ૮૦,૦૦૦ સુધી પહોંચી શકે છે. કદાચ તે એક લાખની સંખ્યાએ પણ પહોંચી જઈ શકે છે. એટલે જ મેં કહ્યું કે આવનારા દિવસોનું વિશ્લેષણ કરીએ છીએ તો તે ખરેખર દિલને અંદરથી હલબલાવી નાંખે તેવું દર્શાવે છે.

એટલે જ મેં ગઈકાલની પોસ્ટમાં ૨૨ માર્ચના રોજ જનતા કરફ્યુ પછી COMPLETE LOCK DOWN અનિવાર્ય છે એવું દર્શાવ્યું હતું.

આજે એનાથી આગળ વધીને હું કહેવા માંગું છું કે

જો દેશની જનતા પોતાની મેળે ઘરની બહાર નીકળવાનું બંધ ન કરે તો સરકારે સમગ્ર દેશમાં ઓછામાં ઓછા દસથી બાર દિવસ માટે "કરફ્યુ" નાખી દેવો જોઈએ.

(૦૧) હું એવું સ્પષ્ટ રીતે માનું છું કે માર્ચ ૨૫ થી એપ્રિલ ૦૫ સુધીનો કરફ્યુ સમગ્ર દેશમાં લાગુ પાડી દેવો જોઈએ.

(૦૨) આ કરફ્યુનો અમલ બહુ જ કડકાઈથી કરાવવો એ પણ એટલું જ અનિવાર્ય છે. કારણ કે આપણા દેશની સંસ્કૃતિ અને જનતા એવી છે કે તે કરફ્યુ જોવા પણ બહાર નીકળશે. પોતાની બહાદુરી બતાવવા માટે પણ કરફ્યુમાં બહાર ફરી આવશે. આવું ન થાય તે માટે જરૂરિયાત લાગે તો અર્ધ-લશ્કરી દળોને ઉતારીને પણ સમગ્ર દેશમાં માર્ચ ૨૫ થી એપ્રિલ ૦૫ સુધી કરફ્યુનું કડકાઈથી પાલન કરાવવું અનિવાર્ય બની ગયું છે. તે સિવાય આપણા દેશની જનતા પોતાની રીતે પોતાની ફરજ બજાવશે નહીં.

(૦૩) કરફ્યુ દરમિયાન જેઓ રોજ લાવીને રોજ કમાઈને ખાનારા લોકો છે તેઓ માટે બંને સમયે ગરમ ભોજન મળી રહે તેની વ્યવસ્થા એનજીઓના સહયોગથી સરકારે ઉભી કરવી જોઈએ. તદુપરાંત જે રીતે પુર કે એના જેવી કુદરતી આફત આવે છે ત્યારે ગરીબોને "કેશડોલ" આપવામાં આવે છે તેવી વ્યવસ્થા ગરીબો માટે ઉભી કરીને પણ સમગ્ર દેશમાં માર્ચ ૨૫ થી એપ્રિલ ૦૫ સુધી કરફ્યુનું કડકાઈથી પાલન કરાવવું જોઈએ.

(૦૪) સમગ્ર દેશમાં માર્ચ ૨૫ થી એપ્રિલ ૦૫ સુધીના કરફ્યુ દરમિયાન સામાન્ય લોકોને દૂધ અને શાકભાજી મળી રહે તે અંગેની વ્યવસ્થા પણ એનજીઓ તથા અન્ય સ્વયંસેવી સસ્થાઓનો સાથ લઈને ઉભી કરવી અનિવાર્ય છે કે જેથી લોકોને કોઈ પ્રકારની તકલીફ ન પડે.

(૦૫) તે ઉપરાંત માર્ચ ૨૫ થી એપ્રિલ ૦૫ સુધીના કરફ્યુ દરમિયાન તબીબી સહાયની જરૂરિયાત ઉભી થાય તો તે અંગે ૧૦૮ જેવી સેવાઓ તથા ૧૦૪ જેવી સેવાઓનો ઉપયોગ ખુબ જ અસરકારક રીતે કરવો જોઈએ.

અંતે ઉપર દર્શાવેલ તમામ બાબતોનું અસરકારક સંકલન કરીને સમગ્ર દેશમાં માર્ચ ૨૫ થી એપ્રિલ ૦૫ સુધી કરફ્યુનું કડકાઈથી પાલન કરાવવું જોઈએ.

જો તેમ કરવામાં નિષ્ફળ જઈશું તો કોરોના વાયરસ ભારતમાં હાહાકાર મચાવી શકે છે.

જો સાવધાની અને સતર્કતા સહેજ પણ હટશે તો તે બહુ મોટું નુકશાન થઇ શકે છે.

સરકાર, નાગરિકો, એનજીઓ તથા સ્વયંસેવી સંસ્થાઓના સંયુક્ત પ્રયાસોના ખુબ જ અસરકારક સંકલનથી કોરોનાની મહામારીને દેશવટો આપવાનો છે. સૌના સાથ વગર આ શક્ય નહીં બને. તમામે ખુબ જ જોર લગાવીને અસરકારક કાર્ય કરવું પડશે.

જો આપણે એપ્રિલ ૦૫ સુધીના સમયમાં લગભગ માત્ર ૫,૦૦૦ જેટલા પોઝિટીવ કેસથી જ પસાર કરી લઈશું તો તે આપણી એક અનન્ય સિદ્ધિ હશે. દક્ષિણ કોરિયા આ કરી શક્યું છે. જો દક્ષિણ કોરિયા કરી શકતું હોય તો આપણે કેમ ન કરી શકીએ?


જો આપણે સૌ સાથે મળીને કોરોનાની આપત્તિને અવસરમાં પલટી શકીશું તો ચમત્કાર આજે પણ થઇ શકે છે એવું આપણે સમગ્ર વિશ્વને માથું ઊંચું રાખીને કહી શકીશું.

નોંધ:


આ પોસ્ટને મોટી સંખ્યામાં શેર કરશો કે જેથી એક પ્રકારની જાગૃતિ કેળવાય અને તેને કારણે કોરોનાને હરાવવામાં મદદરૂપ થઇ શકાય.



ગુજરાત ની જનતા નાયબ મુખ્યમંત્રી સહિત એ કોરોના વાયરસ રક્ષણ બાબતે ભારત સરકાર વતી મોદીજી એ લીધેલા પગલાં ને સમર્થન આપવા જનતા કરફ્યુ સફળ બનાવી રાષ્ટ્રહિત માં થાળી.તાળીઓ.શંખ વગાડી હિન્દુ સંસ્કૃતિ ઉજાગર કરવા સાથ સહકાર આપ્યો









જનતા કરફ્યુ માં સમગ્ર ગુજરાત વાસીઓ નો મળેલો પ્રતિસાદ

### રાજસ્થાન માંથી ગમે તે ઘડીએ કોરોના ત્રાટકશે

# અરવલ્લી જીલ્લાની સરહદો પર સ્ક્રીનિંગના નામે આરોગ્ય વિભાગના તાયફા

અરવલ્લી બ્યુરો મોડાસા

વિશ્વભરમાં કોરોના વાયરસના કહેર વચ્ચે અરવલ્લી જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર હરકતમાં આવ્યુ છે અને આરોગ્ય તંત્ર દ્વારા જીલ્લાની આંતરરાજ્ય સરહદો પરથી પ્રવેશતા મુસાફરોનું સ્ક્રીનિંગ અને તપાસ ચેકિંગ સેન્ટર શરૂ કરવામાં આવ્યા છે પરંતુ આરોગ્ય વિભાગની સ્ક્રીનિંગની કામગીરી કરતા કર્મચારીઓ પાસે સ્ક્રીનિંગ કરવાની પૂરતી યોગ્ય સુવિધા ન હોવાથી આરોગ્ય વિભાગ ફક્ત ખાનાપૂર્તિ કામગીરી કરી રહી હોય




તેવા દ્રશ્ય શામળાજી નજીક રાજસ્થાન રાજ્યને અડીને આવેલ રતનપુર ચેકપોસ્ટ પર જોવા મળતા જીલ્લા આરોગ્ય તંત્રના ઓફિસ માં બેઠા બેઠા સબ સલામતના દાવાઓ અને નિષ્ફળ કામગીરી થી જીલ્લાના પ્રજાજનો માં ભારે રોષ ફેલાયો છે

કૉરોના વાઈરસનો કહેર ભારત સહિત ગુજરાત ભરમાં હાહાકાર મચાવી રહ્યો છે અરવલ્લી જીલ્લાને અડીને આવેલા રાજસ્થાન રાજયની આંતરાજ્ય સરહદો પર આરોગ્ય વિભાગની અલગ-અલગ ટિમો બનાવી મુસાફરોનું સ્ક્રીનિંગ કરવામાં આવી રહ્યું હોવાના મસમોટા દાવાઓ થઈ રહ્યા છે ત્યારે શામળાજી નજીક આવેલ આંતરરાજ્ય સરહદ રતનપુર ચેકપોસ્ટ નજીક આરોગ્ય વિભાગની સ્ક્રીનિંગની કામગીરીના બદલે

લાલિયાવાડી જોવા મળી હતી રાજ્યમાં પ્રવેશતા મુસાફરો માટે ટેમ્પરેચર માપવા માટે સ્ક્રિનિંગ મશીન જ કર્મચારીઓ પાસે જોવા મળ્યા ન હતા અને સ્ક્રિનીંગના નામે જે કામગીરી પોલીસ કરતું હતું તે જ કામગીરી આરોગ્ય કર્મચારીઓ કરી રહ્યા હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા હતા આરોગ્ય વિભાગના કર્મચારીઓ રાજસ્થાન તરફથી આવતા વાહનો ચાલકોને તેમનું નામ તેમજ પત્રિકા આપીને તેમને જવા દે છે..ત્યારે સવાલ એ થાય છે કે આ રીતે કામગીરી કરવામાં આવશે તો પૂરું આનો શંકાસ્પદ કેસ છે કે નહીં તે કેવી રીતે ખબર પડી શકશે..? તે જોવું રહ્યું

અરવલ્લી જીલ્લા આરોગ્ય તંત્રના ઓફિસ માં બેઠા બેઠા સબ સલામતના દાવાઓ અને નિષ્ફળ કામગીરી થી જીલ્લાના પ્રજાજનો માં ભારે રોષ ફેલાયો છે રાજસ્થાન ને અડીને આવેલી જીલ્લાની આંતરરાજ્ય સરહદો પર થી ગમે તે ઘડીએ કોરોના વાઈરસ જીલ્લાના પ્રજાજનોને ભરડામાં લે તેવી દહેશત હોવા છતાં આરોગ્ય તંત્ર દ્વારા સરહદ પર થી જીલ્લામાં પ્રવેશતા મુસાફરોમાં સ્ક્રીનિંગ અને સર્વે ની થઇ રહેલી કામગીરી સામે અનેક પ્રશ્નો પેદા થયા છે


### પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ

# કોરોના સંક્રમણને રોકવા માટે સ્વયંભૂ જનતા કરફ્યુનાં આહ્વાનને દાહોદ જિલ્લામાં પ્રંચડ જનસંમર્થન

દાહોદ, તા. ૨૨

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કોરોના વાયરસના સંક્રમણને રોકવા માટે સ્વયંભૂ જનતા કરફ્યુનાં આહ્વાનને દાહોદ જિલ્લામાં પ્રંચડ જનસંમર્થન મળ્યું હતું. દાહોદ જિલ્લાના શહેરી વિસ્તારો સહિત ગ્રામ્ય વિસ્તારોમાં પણ સજ્જડ જનતા કરફ્યુનું પાલન કરવામાં આવ્યું છે. જિલ્લામાં નાગરિકોએ સ્વયંભૂ જ હોમ કોરોન્ટાઈલ રહી કોરોનાના સંક્રમણને ફેલાતો અટકાવવામાં પોતાનો સહયોગ આપ્યો છે.

દાહોદ જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં વહેલી સવાર થી જ સન્નાટો જોવા મળતો હતો. શહેરી વિસ્તારોમાં જયાં સામાન્ય દિવસોમાં ખૂબ ભીડ અને ટ્રાફિક જોવા મળે છે તેવા વિસ્તારો




સાવ સૂમસામ ભાસતા હતા. દાહોદ શહેરના એસટી બસસ્ટેન્ડ વિસ્તાર, રેલ્વે સ્ટેશન, ગોદી રોડ, એમજી રોડ, ગોવિંદનગર જેવા વિસ્તારોમાં નાગરિકો સવાર થી જ ઘરમાં પુરાયેલા રહ્યા હતા. શહેરના મુખ્ય બજારો અને દુકાનો બંધ જોવા મળ્યા હતા. શહેરના કેટલીક દવાની દુકાનો ચાલુ રહી હતી. શહેરની વિવિધ સોસાયટીઓ, પોળોમાં લોકોએ વ્યાપક જનહિતમાં ઘરે જ રહેવાનું પસંદ કર્યુ હતું. શહેરના રસ્તાઓ ટ્રાફિકશૂન્ય બન્યા હતા. લોકોની અવરજવર સંપૂર્ણપણે બંધ હતી. ગ્રામ્ય વિસ્તારોમાં પણ જનતાએ પોતાની જવાબદારી સમજી જનતા કરફ્યુમાં સંપૂર્ણ સહયોગ આપ્યો હતો. દુકાનો, બજારો, રસ્તાઓ સુમસામ બન્યા હતા. નાગરિકોએ પ્રધાનમંત્રીશ્રીના આહ્વાનને પ્રચંડ પ્રતિસાદ આપ્યો હતો અને સવારથી જ આખો દિવસ ઘરમાં રહ્યાં હતા. ગામના ફળીયા, મહોલ્લાઓમાં પણ ગ્રામજનોએ નીકળવાનું યોગ્ય ગણ્યું નહોતું.

કોરોના વાયરસના સંક્રમણને રોકવા માટે પ્રધાનમંત્રી શ્રી મોદીએ તા. ૧૯ માર્ચના રોજ આપેલા રાષ્ટ્રવ્યાપી જનતા કરફ્યુંના આહ્વાનને દાહોદ જિલ્લામાં પંચડ પ્રતિસાદ મળ્યો હતો. કોરોના મહામારીને અટકાવવા માટે જનતા કરફ્યુંનો પ્રધાનમંત્રીનો નિર્ણય ખૂબ જ સમયસરનો અને યોગ્ય ગણીને નાગરિકોએ સ્વંયશિસ્ત દાખવી સ્વયંભૂ જ પોતાના નાગરિક ધર્મનું પાલન કર્યુ હતું.

### ગાંધીનગર શહેરના યુવાને

# કોરોના અંગે ચિંતા વ્યક્ત કરીને મહાનગરપાલિકા ને યોગ્ય પગલાં લેવાની માંગ કરી

વૈશ્વિક મહામારી કોરોના ને લીધે હવે રાજયના પાટનગર ગાંધીનગર ને પણ શટડાઉન કરાયું છે ત્યારે ગાંધીનગર નો જાગૃત યુવાન દિવ્ય ત્રિવેદી એ આ મહામારી થી બચવા અને યોગ્ય પગલાં લેવા માટે મહાનગર પાલિકા સમક્ષ માંગણી કરી છે કે અન્ય શહેરોની જેમ ગાંધીનગર મહાનગર વિસ્તારમાં પણ ડિસેનિટાઈઝેશન સહીત તમામ પ્રક્રિયાઓ શરુ કરવાની માંગણી કરી હતી અને બીમારી થી બચવા માટે સાવચેતીના પગલાં અંગેની યોગ્ય માહિતી નાગરિક સુધી પહોંચે તેવી અપીલ કરવામાં આવી હતી.વધુમાં દિવ્ય એ જણાવ્યું હતું કે આ અંગે તે આવનારા દિવસોમાં લેખિત પત્ર લખીને મહાનગર પાલિકા ને યોગ્ય પગલાં લેવામાટે વિનંતી કરશે જેથી નાગરિકોની સલામતી જળવાય અને નાગરિક પોતાને સુરક્ષિત મહેસુસ કરે.આ અંગે મહાનગર પાલિકાને પોતાની ફરજ અદા કરવા અંગે ની વિનંતી કરીને દિવ્ય ત્રિવેદી એ રાષ્ટ્રના જાગૃત યુવાન તરીકે ની જવાબદારી અદા કરેલ છે.

# કચ્છનાં ગાંધીધામમાં ઉદ્યોગપતિ,વેપારીઓ દ્વારા જનકરફ્યુને સારો પ્રતિસાદ

આ બંધનો પ્રતિસાદ તમે જીવનાં જોખમ માટે આપ્યો છે.તમારાં માથે નાંખેલા બોજ બાદ પારાવાર સરકાર દ્વારા નુકશાન માટે નથી આપ્યો.

પરંતુ,આપણી માથે નોટબંધી બાદ એ સમયે જે મુસીબતો આવી તેમાં સંગઠિત થઈ સરકારને સવાલ પૂછ્યો? જ્યારે જીએસટી સાથે મસમોટી પેનલ્ટી નાંખી ત્યારે તમારાં લાભ સાથે ગરીબ અને મધ્યમ વર્ગનાં સુખાકારી જીવન માટે પ્રતિસાદ આપ્યો?,જ્યારે બોજના કાયદા જેવાં કે,સરકારી પ્રશાસનો જ ે વ ા ં કે,મહાનગરપાલિકા,નગરપાલિકા, આરટીઓમાં સરકારે આવક વધારવા લૂંટ ચલાવી પ્રતિસાદ આપ્યો?,તમારાં ગ્રાહકો ઓછા થયાં, આવક તૂટતી હતી,પાયમાલ થાવ છો,ત્યારે પ્રતિસાદ આપ્યો?પેટ્રોલ-ડીઝલના ભાવ વધ્યાં બીજા પક્ષો આપણાં હિત માટે બહાર બંધ કરવા નીકળ્યાં ત્યારે પ્રતિસાદ આપ્યો?

દરરોજ સરકાર એક બોજા નાંખે છે.જેમાં આપણે એક સાથે વેપારીઓ,ઉદ્યોગપતિઓ ભેગાં થઈ સરકારને સવાલ કરવાની તાકત બતાવવા સક્ષમ છે.કે,આ તમારાં માળખાથી અમને આર્થિક નુકશાન થાય છે.સવાલ કર્યો?

સરકારી પ્રશાસન, તંત્રથી થતી લૂંટ સામે એક થઈ પ્રતિસાદ આપ્યો?

કોઈ નેતા કે સરકારી અધિકારી આપણી ઓફિસે આવે તો ઠંડા પીણાં, નાસ્તાપાણીનો,કવરનો બંદોબસ્ત કરીએ છે.પણ સવાલ નથી કરી શકતા કે અવાજ નથી ઉઠાવી શકતાં કે,અમે આવા નિયમો,કાયદાઓથી કામકાજ ન મળતા આર્થિક નુક્શાનમાં આવી રહ્યા છે.

અમને રાહત આપો.નહીં તો અમે ઉદ્યોગપતિઓ,વેપારીઓ સાથે રહી અમારાં વેપાર,ઉદ્યોગો સજ્જડ બંધ કરશું અને દેશને આર્થિક,રોજગારી અને અર્થતંત્રને નુકશાન આવશે તો સરકાર જવાબદાર રહેશે.

આવો સરકારને જડબા તોડ પ્રતિસાદ આપવો જરૂરી ન હોય તો ચૂપચાપ સહન કરતાં રહો.પણ બીજા લોકનાં હિત માટે પણ આવો જ સજ્જડ બંધનો પ્રતિસાદ આપવા સહયોગ કરો.

પ્રશાંત ભટ્ટ.કચ્છ.

### બનાસકાંઠામાં કોરોના જાગૃતિ માટે

# પી.એચ.સી કેન્દ્રમાં મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં આરોગ્યતંત્રની ઘોર બેદરકારી સામે આવી




આજે જિલ્લાભરમાં પી.એચ.સી કેન્દ્રોમાં આંગણવાડી બહેનોની અને આશાવર્કર બહેનો ની મીટીંગ નું આયોજન કરવામાં આવ્યું હતું .મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ના માર્ગદર્શન હેઠળ કોરોના વાયરસ અંગે માર્ગદર્શન શિબિર યોજાઇ હતી. જેમાં આંગણવાડીની બહેનો તેમજ આશાવર્કર બહેનો મોટી સંખ્યા માં હાજર રહ્યા હતા.

કોરોના વાઈરસ નામનો જીવલેણ રોગ સમગ્ર વિશ્વ માં હચમચાવી રહ્યો છે અને સરકાર દ્વારા કોરોના જેવા જીવલેણ રોગ ને અંકુશ માં લાવવા કલમ ૧૪૪ લાગુ કરાઇ દેવાઇ છે ત્યારે સાવચેતી ના ભાગરૂપે લોકો સાથે દુર રહેવુ ખૂબ જ જરૂરી છે. પરંતુ જિલ્લાભરના પીએચસી કેન્દ્રોમાં કોરોના વાઈરસ ના પગલે જાગૃતિ શિબિર યોજાઇ તેમાં આશા ફેસેલિટર બહેનો અને આશા વર્કર બહેનો ની મોટી સંખ્યા માં ભીડ જોવા મળી હતી અને ૧૪૪ કલમ ભંગ થતી જોવા મળી ત્યારે બેઠક વ્યવસ્થા માં પણ ઘોર બેદરકારી જોવા મળી હતી અને કોરોના વાઈરસ ને અંકુશ માં લાવવા ને બદલે ફેલાઈ રહે તેવી પ્રતિક્રિયઓ આરોગ્ય તંત્ર ની જોવા મળી હતી. આરોગ્ય તંત્ર ના નાણાવટી સાહેબો માટે ખુરશીઓ ની વ્યવસ્થા કરાઇ હતી જયારે રોગચાળા ના સર્વે કરતી અને નજીવા વેતન માં કામ કરતી આશા ફેસેલિટર બહેનો તેમજ આશા વર્કર બહેનો આંગણવાડી બહેનો ને જમીન બેઠક કેમ? માન મોભો કેમ નહી ? આશા બહેનો , આંગણ વાડી બહેનો ગ્રાસ રૂટ લેવલે કામગીરી કરે છે ત્યારે તેમના આરોગ્ય માટે આરોગ્ય ખાતું જાગૃત બને મેડમો અને સાહેબો આરામથી ખુરશીઓમાં બેઠા છે ત્યારે આશા ફેસીલેટર અને વર્કરો ઘેટા બકરાની જેમ એકબીજાને અડીને બેઠી છે આવા મહામારી ના સમયમાં સરકાર ના ફંડમાંથી ખુરશીઓની કે અંતર દિઠ બેઠક ની વ્યવસ્થા કેમ નથી કરવામાં આવતી.

ચુંટણી ના સમયે કોઇ રાજનેતા વોટ લેવા આવે તો આટલી મોટી બેઠક વ્યવસ્થામાં ખુરશીઓ ગોઠવાઇ જાય છે તો આમા કેમ નહી જેને લઇ આશાવર્કર બહેનો અને આંગણવાડી બહેનો માં ભારે ચર્ચાનો વિષય બન્યો હતો. કોરોના વાયરસ મહામારીની જિલ્લા આરોગ્ય તંત્ર આટલી મોટી બેદરકારી રાખે તે વ્યાજબી નથી . આટલી મોટી સંખ્યામાં બહેનો આવતી હોય ત્યારે કોઇ વાઈરસના ફ્લાય તે માટે ડિસ્ટન્સ રાખવું ખૂબ જરૂરી હોય છે, શુ જિલ્લા આરોગ્ય તંત્ર પાસે આશા બહેનો આંગણ વાડી બહેનો જે ઝોન વાઇઝ મીટિંગ કાર્યકમ મા ખાસ હાજરી આપવાની હોય છે ત્યારે તેમને ખુદ ને માસ્ક આપવા ના હોય અને ઉપયોગમાં લેવા ના હોય ત્યારે જિલ્લા આરોગ્ય વિભાગ માસ્ક આપવામાં આવ્યા નથી, કે અધિકારીઓ દ્વારા સૂચના પણ આપવામાં આવી નથી

આમ કોરોના જેવી મહા મારી સામે આરોગ્ય તંત્ર ખુદ જાગૃત બને. સરકાર જો ખુદ આ કોરોના વાયરસ સામે ગંભીર હોય ત્યારે જિલ્લા આરોગ્ય તંત્ર ની કામગીરી સામે સવાલો ઉભા થયા છે. જો આવી મીટીંગોમાં એક બેનને પણ વાયરસ ફેલાય તો સમગ્ર જિલ્લામાં વાયરસ ફેલાતા વાર નહિ લાગે તેઓ નજર આવી રહ્યો હતો. સરકાર પાસે મોટા મોટા કાર્યક્રમો કરવા માટે ફંડ વાપરવામાં આવતું હોય તો આવી મીટીંગોમાં કેમ ફંડ વાપરવા માં નથી આવતું

અહેવાલ જયેશ ભાઈ મોદી પાલનપુર

### માતા અને ત્રણ વર્ષના બાળકનો ખેતરમાં પાક બચાવવા અપાયેલ કરન્ટે ભોગ લીધા

# ધનસુરાના હીરાપુર કંપા અને નારણપુર ગામ વચ્ચે જૂથ અથડામણ



અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં ખેડૂતો રોઝ, જંગલી ભૂંડ અને નીલગાયના ત્રાસથી બચવા અસરગ્રસ્ત ખેડૂતો ગેરકાયદેસર રીતે ખેતરની ચારે બાજુ તારની વાડ બનાવી તેમાં કરંટ ઉતારતા હોય છે જેના પગલે બંને જીલ્લામાં અનેક નિર્દોષ લોકોનો વીજકરંટ થી ભોગ લેવાયો હોવાની ઘટનાઓ બની છે ધનસુરા તાલુકાના હીરાપુર કંપાના ખેડૂતે પાક બચાવવા ખેતરની આજુબાજુ તારની જાળી બનાવી વીજકરંટ આપતા નજીકમાંથી ત્રણ વર્ષના બાળક સાથે પસાર થતી નારણપુરા ગામની મહિલાને વીજકરંટ લગતા પુત્ર-માતાનું કમકમાટી ભર્યું મોત નિપજતા વાતાવરણમાં તંગદિલી ફેલાવાની સાથે સામાન્ય બોલાચાલી બાદ રોષે ભરાયેલ નારણપુરા ગામના ગ્રામજનોએ હલ્લાબોલ કરતા બંને ગામના લોકો વચ્ચે જૂથ અથડામણ અને પથ્થરમારો થતા ૧૫ થી વધુ પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો સ્થિતિ પર કાબુ મેળવવા પ્રયત્નો હાથધર્યા હતા

પ્રાપ્ત માહિતી અનુસાર,રવિવારે વહેલી સવારે ધનસુરાના હીરાપુર કંપાના ખેડૂતે ખેતરમાં પાકને સુરક્ષા માટે લગાવેલા વીજ તારનો કરન્ટ લાગતા નારણપુરા ગામની હિરલબેન અને તેના ત્રણ વર્ષનો પુત્ર કાળનો કોળિયો બની ગયો હતો વીજકરંટની ઘટનાને પગલે માતા-પુત્રની લાશને ખેડૂતે અન્યત્ર ખસેડી દઈ સમગ્ર મામલાને રફેદફે કરવાનો પ્રયત્ન કર્યો હોવાનો મૃતકના પરિવારજનો અને ગ્રામજનોએ આક્ષેપ કર્યો હતો પરિવારજનોએ ખેતરના માલિક સામે પગલાં ન ભરાય ત્યાં સુધી લાશ સ્વીકારવાનો અને ઈન્કાર કરી દીધો હતો પરિવારના આક્રંદના લીધે વાતાવરણ ગમગીન બની ગયું હતું ખેડૂતની એક ગંભીર ભૂલનું પરિણામ ધનસુરાના નારણપુરાનો પરિવાર બનતા નાનકડાં પરિવારનો માળો વિખેરાઈ ગયો હતો હીરાપુર કંપાના ખેડૂતના જંગલી પ્રાણીઓથી પાકના બચાવ માટે ગેરકાયદેસર રીતે ખેતરની ચારે બાજુ તાર લગાવી વીજકરંટ ઉતારતા નારણપુરા ગામની મહિલા અને પુત્ર વીજકરંટથી મોત નિપજતા નારણપુરા ગામના ગ્રામજનો મોટી સંખ્યામાં ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને હીરાપુર કંપાના ગ્રામજનો સાથે બોલાચાલી પછી પથ્થરમારો થતા જૂથ અથડામણ થતા ભારે તંગદિલી સર્જાઈ હતી જૂથ અથડામણના પગલે ધનસુરા પોલીસ સ્ટેશનના મહિલા પી.આઈ રાઠોડે ઘટનાની ગંભીરતા સમજી જિલ્લા કંટ્રોલને જાણ કરતા જિલ્લાનો પોલીસ કાફલો હીરાપુર કંપા અને નારણપુરા ગામે ખડકી દઈ પરિસ્થિતિ વધુ વણસે તે પહેલા કાબુ મેળવી લીધો હતો પોલીસે મૃતક માતા-પુત્રના પરિવારજનો અને સગા-સંબંધીઓ સાથે ચર્ચાનો દોર શરુ કરી કસુવારો સામે યોગ્ય કાર્યવાહી કરવામાં આવશેની હૈયાધારણા આપી લાશને પીએમ કરાવવા સમજાવટ હાથધરી હતી

# ગુજરાતમાં કોરોના વાયરસ સામે લડત માટે ગ્રેનસ એપ તૈયાર

વિશ્વમાં સૌપ્રથમ વખત સેફ્ટી અને ઈમરજન્સી વ્યવસ્થા મજબૂત કરવામાં મિશન સાથે DGBSI-RTPP/SRPP ટેક્નોલોજી દ્વારા ડેવલપ થયેલ ગ્રેનસ સોસીયલ ઈન્ટિગ્રેશન એપ હવે કોરોના સામે લડવા માટે પણ તૈયાર. ગ્રેનસ એક આધુનિક જીઓ-લોકેશન દ્વારા તૈયાર થયેલ એપ છે અને આ એપથી લોકેશન બેઝડ ટાર્ગેટીંગ થઇ શકશે અને જે તે સંવેદનશીલ વિસ્તારમાં રહેતા લોકોને જ તે વિસ્તાર સંબંધિત માહિતી મોકલી શકાશે. આ ઉપરાંત જો કોઈ નાગરિકને પોતે જ ચેપ ગ્રસ્ત હોવાનું જણાય તો એક ક્લિક થી પોતાના જીઓ લોકેશન સાથે સરકારી વિભાગમાં જાણ કરી શકશે અને તે સાથે જ જે તે નાગરિકની ડિજિટલ ફુટ પ્રિન્ટ તૈયાર થઇ જશે કે જેથી ફાસ્ટ રિસ્પોન્સ આપી શકાય. ડિજિટલ ફૂટપ્રિન્ટ દ્વારા જે તે દર્દી કયા રૂટ થી પસાર થયા છે એની માહિતી પણ મળશે કે જેથી એ રુટનું પણ મોનીટરીંગ કરી શકાય.

આ ઉપરાંત કોઈ પણ નાગરિકને પોતાના વિસ્તારમાં રહેતા અન્ય શંકાસ્પદ દર્દી અંગે પણ તે દર્દી કયા લોકેશન પોઈન્ટ પર છે તે સાથે જાણ કરી શકશે કે જેથી ત્વરિત તે દર્દીને આઈસોલેટ કરી શકાય અને વધુ ઈન્ફેક્શન રોકી શકાય. ગ્રેનસ એપ ના ફાઉન્ડર અને સીઈઓ મયંક શાહ ના જણાવ્યા પ્રમાણે જયારે રાજ્યને જરૂરત પડશે તેના ૪ થી ૮ કલાક માં ગ્રેનસ એપ માં આ ફીચર લાઈવ થઇ જશે. આ એપ દ્વાર લોકેશન બેઝ્ડ ડેટા પણ કલેક્ટ કરી શકાશે કે જેનું એનાલિસિસ કરી અને વધુ માહિતી મેળવી શકાય અને કોરોના ફેલાવા પર અંકુશ રાખી શકાય. આ બાબતે કેન્દ્ર સરકાર અને ગુજરાત સરકારને પણ લેટર મોકલી જરૂર પડે ત્યારે ગ્રેનસ સહકાર માટે તૈયાર હોવાનું પણ જણાવેલ છે. હાલ આ એપ GRANNUS નામથી પ્લે સ્ટોર પર ઉપલબ્દ્ધ છે અને કોઈ પણ નાગરિક આ એપ સાથે નેશનલ ઈમર્જન્સી ગ્રુપમાં વોલ્યુન્ટિયર તરીકે જોડાઈ શકે છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.